ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૩૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 339 • Dt.13-07-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

ક્રિતી-રશ્મિકાની કોકટેલ ટુનું શૂટિંગ આવતા મહિનેથી શરૂ



P.07

તૃપ્તિએ સેમ સાથેના સંબંધો લગભગ ઓફિશિયલ કરી દીધા

ઈરાનનો હવે કતાર પર હુમલો, અમેરિકાની વાયુ સેનાનું કોમ્યુનિકેશન સેન્ટર નષ્ટ કર્યુ

07



13 JULY- 2025 SUNDAY



07

પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી ૨ કરોડ ૫૩ લાખ બાળકો શાળાથી વંચિત

રાજકોટ ઉદ્યોગજગતમાં નામચીન બાવરીયા પરિવાર કાયદાના સકંજામાં

## ઇગલ મોટર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપની વિરોધ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ગુનો નોંધાવવામાં આવ્યો

# શહેરની નામચીન પ્રાઈવેટ કંપનીમાં ૬ વર્ષમાં ૨૮.૨૦ કરોડની ટેક્સ ચોરી

## કંપનીના નામે રહેલી મિલકતો સરકાર જપ્ત ન કરી શકે તે માટે કંપનીના ડાયરેક્ટરોએ પહેલાથી જ પોતાની તમામ મિલકતો કોઈ અન્ય વ્યક્તિને વેંચી દેધી

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૨ ।

શહેરની નામચીન પ્રાઈવેટ કંપનીમાં કરોડોની ટેક્ષ ચોરીની પર્દાફાશ થયો છે. કંપનીએ સતત ૬ વર્ષ સુધી ટેક્ષ ચોરી કરી સરકારને અંદાજીત ૨૮.૨૦ કરોડનો ચૂનો ચોપડ્યો છે. આટલું જ નહીં, આ કંપનીના નામે રહેલી મિલકતો સરકાર જપ્ત ન કરી શકે તે માટે કંપનીના ડાયરેક્ટરોએ પહેલાથી જ પોતાની તમામ મિલકતો કોઈ અન્ય વ્યક્તિને વેંચી દેધી છે. જે બાબતે કંપનીના રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ગુનો નોંધાવવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ જિલ્લા સેવા સદનમાં સહાયક રાજ્ય વેરા કમિશનરની કચેરી ખાતે ફરજ બજાવનારા ૩૫ વર્ષીય સંદીપ ચાવડા નામના રાજ્ય વેરા અધિકારીએ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરિયાદ નોંધાવી છે. જે અનુસાર, રાજકોટ શહેરના ગોંડલ રોડ પર બાયપાસ સર્કલ પાસે આવેલા ઈગલ મોટર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીની વેટ કાયદા મુજબ તેમજ સીએસટી કાયદા મુજબ નોંધણી કરાવવામાં આવી હતી. જેના ડાયરેક્ટરોએ મિલિભગતથી આ ટેક્ષ ચોરીને અંજામ આપ્યો છે.વેટ કાયદા તેમજ સીએસટી કાયદા મુજબ નોંધયેલી આ કંપનીએ વેરા રૂપે નાણાકીય વર્ષ ૨૦૦૮ - ૦૯થી ૨૦૧૪-૧૫ના વર્ષનો આકારણી વેરો ગુજરાત સરકારને ભરવાનો થતો હોય તે વેટ ૨૮,૧૦,૪૮,૦૩૫ રૂપિયા તેમજ કેન્દ્ર સરકારને ભરવાનો થતો સીએસટી ૧૦,૪૨,૩૮૮ રૂપિયા તેમજ આજ દિવસ સુધીનું ચડત વ્યાજ સુધીની રકમ ટેક્ષ રૂપે સરકારમાં ભરી નથી.




તપાસ દરમિયાન સરકાર દ્વારા જે રકમનું લેણું નીકળે છે તે બાબતે કંપની ડાયરેક્ટરોને અનેક વખત આકારણી આદેશ તેમજ માંગણા નોટિસ મોકલવામાં આવી હતી. જોકે કંપની તરફથી આ નોટીસોનો કોઈ યોગ્ય જવાબ ન મળતા,સહાયક રાજ્યવેરા કમિશનરની કચેરીએ કંપનીની પ્રોપર્ટી જપ્ત કરવાનું વિચાર્યું. પરંતુ આ કાર્યવાહી થાય તે પહેલા જ ચોંકાવનારા ઘટસ્ફોટ થયો છે કે, 'પોતાની પ્રોપર્ટીઓ સરકાર હસ્તગત ન કરી શકે તે માટે કંપનીના ડાયરેક્ટરોએ તે પ્રોપર્ટીને અન્યને વેચાણ કરી દીધી છે.

### રાજ્યમાં છેલ્લા ૩-૪ દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે

# ગુજરાત રાજ્યમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી । ૧૦ જિલ્લાઓમાં એલર્ટ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૦ ।

રાજ્યમાં છેલ્લા ૩-૪ દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૧૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આગામી ૪ દિવસ સુધી ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું જોર દેખાશે. જ્યારે આજે (૧૨ જુલાઈ) સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. ચાલો જાણીએ આગામી ૪ દિવસ કેવુ રહેશે હવામાન. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આવતીકાલે રવિવારે (૧૩ જુલાઈ) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ એલર્ટ અને અમરેલી, ભાવનગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગે આગામી ૧૪-૧૫ જુલાઈના રોજ ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લામાં યલો-ઑરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે ૧૬ જુલાઈના રોજ બનાસકાંઠા અને સાબરકાંઠાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં છેલ્લા ૩-૪ દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૧૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.







### સતત વધતા ભાવથી શ્રમજીવી, મધ્યમ વર્ગના લોકો ચિંતિત

# ધોળકામાં ચોમાસામાં શાકભાજીના ભાવમાં ઘટાડો થવાને બદલે તોતિંગ વધારો

### ચોળી, મરચા, સગરવો, કારેલા ટીંડોણાના ભાવ ૧૦૦ રૂ. કિલોએ પહોંચ્યો : થાળીમાં શાકભાજીનું સ્થાન બેટાટા અને કઠોળે લીધુ

। પ્રતિનિધિ, ધોળકા, તા.૧૨ ।

ધોળકામાં ચોમાસામાં શાકભાજીના ભાવમાં ઘટાડો થવાને બદલે તોતિંગ વધારો થયો છે. સતત વધતા ભાવથી શ્રમજીવી, મધ્યમ વર્ગના લોકો ચિંતિત થયા છે. ચોળી, મરચા, સગરવો, કારેલા ટીંડોણાના ભાવ ૧૦૦રૂ. કિલોએ પહોંચ્યો છે. બીજી તરફ થાળીમાં શાકભાજીનું સ્થાન બેટાટા અને કઠોળે લીધુ છે.ધોળકા પંથકમાં હાલ વરસાદી મોસમ બરાબરની જામી છે. વાવણી લાયક વરસાદ પણ પડી ચૂક્યો છે. મોટાભાગના ખેત વિસ્તારોના આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ ચૂક્યાં છે. ચોમસાની સીઝનના ખેતપાકો, શાકભાજી, ઘાસચારો સહિત જંગલી વનસ્પતિઓ માટે વરસાદી મૌસમ આશીર્વાદરૂપ બની ચુકી છે ત્યારે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવ વધતા શ્રમજીવી, ગરીબ વર્ગ અને મધ્યમવર્ગના લોકો અકળાઈ ઉઠયા છે. ખાસ કરીને શાકભાજીઓના ભાવોમાં બેફામ વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ચુક્યું છે. સામાન્ય રીતે તો ચોમાસા દરમ્યાન શાકભાજીનાં ભાવોમાં સારા એવા પ્રમાણમાં ઘટાડો જોવા મળતો હતો, પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે લીલા શાકભાજી બગડી જતાં આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, તો બીજી તરફ માગ વધી છે. જેના કારણે શાકભાજીનાં ભાવમાં તોતિંગ વધારો થયો છે, જેના કારણે



લોકોનાં ઘરોમાં થાળીમાંથી લીલા શાકભાજી ગાયબ થઈ રહ્યા છે, તેની સામે બટેકા અને કઠોર નજરે પડી રહ્યા છે. આર્યુવેદમાં ચોમસાની ઋતુમાં અમુક શાકભાજીનો ઉપયોગ નહીં કરવા જણાવાયું છે. ખાસ કરીને અમુક લીલી શાકભાજી જેમાં પાલક, ફુદીનો, ધાણા, ફુલાવર, કોબીજ, રીંગણ, મુળા, મશરૂમ, વધારે પાણીવાળા ફળ, ગલકા, તાંદળીયો, મેથી સહિતના શાકભાજી વર્ષાઋતુ દરમિયાન ટાળવો હિતકારી છે.ધોળકામાં ચોમાસામાં શાકભાજીના ભાવમાં ઘટાડો થવાને બદલે તોતિંગ વધારો થયો છે. સતત વધતા ભાવથી શ્રમજીવી, મધ્યમ વર્ગના લોકો ચિંતિત થયા છે. ચોળી, મરચા, સગરવો, કારેલા ટીંડોણાના ભાવ ૧૦૦રૂ. કિલોએ પહોંચ્યો છે. બીજી તરફ થાળીમાં શાકભાજીનું સ્થાન બેટાટા અને કઠોળે લીધુ છે.ધોળકા પંથકમાં હાલ વરસાદી મોસમ બરાબરની જામી છે. વાવણી લાયક વરસાદ પણ પડી ચૂક્યો છે. મોટાભાગના ખેત વિસ્તારોના આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ ચૂક્યાં છે.

## ખાડાને લીધે કોઈ મૃત્યુ પામે તો કોન્ટ્રાક્ટર સામે માનવ વધનો કેસ થશે, વલસાડ કલેક્ટરનો નિર્ણય

। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૨ ।

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ખાતે બ્રિજ તૂટી પડવાની ઘટનામાં ૨૦ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારબાદ તંત્ર હરકતમાં આવી ગયું છે. ત્યારે વલસાડ કલેક્ટરે મોટો નિર્ણય લેતાં કહ્યું છે કે ખાડાને કારણે કોઈ મુસાફર જીવ ગુમાવે તો રોડ કોન્ટ્રાક્ટર સામે માનવ વધનો કેસ નોંધાશે. પ્રાપ્ત માહિતી અનુસાર વલસાડ કલેક્ટરે આદેશ કરતાં જણાવ્યું હતું કે ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદના કારણે વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં. ૪૮ પર રસ્તાઓને ભયંકર નુકશાન થયું છે, રસ્તાઓમાં મોટા ખાડાઓ પડી ગયા છે. જેના કારણે ટ્રાફીકની સમસ્યા, અકસ્માતો, ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવો બન્યા છે.

## ૮ લાખની સામે ૧૮ લાખ ચૂકવી દેવા છતાં વધુ ૧૫ લાખની માંગણી કરતા બે વ્યાજખોરો સામે ફરિયાદ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૨ ।

વડોદરાના માંજલપુરમાં જ્યુપિટર ચાર રસ્તા પાસે મારૂતિ ધામ હાઉસિંગ સોસાયટીમાં રહેતા અશોક કુમાર રમણલાલ ગજ્જરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૯ માં મારી જરૂરિયાત ઊભી થતા મિતેશ કનુભાઈ પટેલ (રહે. ઉમાનગર, સોમા તળાવ) પાસે ડભોઇ રોડ પાસેથી ટુકડે ટુકડે ત્રણ ટકાના માસિક વ્યાજે ચાર લાખ રૂપિયા લીધા હતા. મેં અત્યાર સુધી ૯.૦૮ લાખ રૂપિયા ચૂકવી દીધા છે તેમ છતાં મારી પાસે આઠ લાખની ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપે છે.

આ ઉપરાંત મેં વાઘોડિયા ડભોઇ રીંગરોડ ભરવાડ વાસમાં રહેતા હરેશ ભવનભાઈ ભરવાડ પાસેથી રૂ.૪,૦૦,૦૦૦ લીધા હતા. મેં અત્યાર સુધી નવ લાખ રૂપિયા આપી દીધા છે ત્યાં જતા વધુ ૬ લાખની માંગણી કરી મારા પુત્રને ઉઠાવી જવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપે છે.

## ઉમરગામના સરીગામની કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગતા દોડધામ

। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૨ ।

ઉમરગામ તાલુકાના સરીગામ કેમિકલ ઝોનમાં આવેલી કંપનીમાં ગઈકાલે શુક્રવારે મધરાતે ભીષણ આગ સળગી ઉઠતા ભારે દોડધામ મચી ગઇ હતી. લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે કોઇ જાનહાની થઇ ન હતી.પ્રાપ્ત માહિતિ અનુસાર ભિલાડ નજીકના સરીગામ ખાતે કેમિકલ ઝોનમાં જીવન કેમિકલ નામક કંપની આવેલી છે. ગઇકાલે શુક્રવારે મધરાતે કંપનીમાં અચાનક આગ સળગી ઉઠી હતી. આગ વધુ આક્રમક બનતા જોતજોતામાં આખી કંપની લપેટમાં આવી જતા ભારે દોડધામ મચી ગઇ હતી. સદનસીબે કોઇ જાનહાની થઇ ન હતી. આગની જ્વાળા આકાશમાં દૂરદૂર ફેલાતા લોકોમાં ગભરાટ મચી ગયો હતો. ઘટનાને પગલે સરીગામ, ઉમરગામ, વાપી સહિતના ફાયર વિભાગના બંબા ઘટના સ્થળે દોડી ગયા હતા. બાદમાં લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. કંપનીમાં આગ કયા કારણોસર લાગી તે અંગે કોઈ કારણ બહાર આવી શક્યું નથી. અત્રે નોંધનીય છે કે ઉમરગામમાં આવેલી કંપનીમાં આગ કે અન્ય બનાવો વેળા ફાયર સુવિધાના અભાવે મુશ્કેલી ઉભી થયાનું બહાર આવ્યું હતું. ત્યારે કંપનીની બેદરકારી મામલે ફેક્ટરી ઈન્સ્પેક્ટર પણ ભેદીમૌન સેવી રહ્યા છે. તંત્ર ગંભીર બની બેદરકારી દાખવનાર કંપની સંચાલકો સામે કડક પગલા ભરે તે જરૂરી છે.

### શહેરના ૩,૯૪૦ મકાનોમાં એસ્ટેટ હાઉસિંગ સેલની ટીમ દ્વારા તપાસ

# અમદાવાદ જિલ્લામાં આવાસ યોજનામાં હાઉસિંગ સેલ એસ્ટેટ વિભાગનું ચેકિંગ । ૨૧ મકાન સીલ કરાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન બનાવીને આપવામાં આવ્યા છે. પરંતુ તેના લાભાર્થીઓએ આ મકાનોને કોઈ બીજાને ભાડે આપીને પૈસા કમાઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ સેલ એસ્ટેટ વિભાગ દ્વારા આવા ગેરકાયદે રહેતા ૧૭૪ લોકોને નોટિસ ફટકારી છે. જ્યારે ૨૧ મકાનોને સીલ મારી દેવામાં આવ્યા છે. અમદાવાદ મનપા હાઉસિંગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટીના ચેરમેન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, 'EWS મકાનો અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં



એક બેઠક યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને મકાન ફાળવવામાં આવ્યા છે. તેમાંના કેટલાક લોકો દ્વારા મકાન ગેરકાયદે રીતે લોકોને ભાડે અથવા તો વેચી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે તપાસ કરવામાં આવી અને શહેરના અલગ અલગ આવાસ યોજનામાં આવેલા ૩,૯૪૦ મકાનોમાં એસ્ટેટ હાઉસિંગ સેલની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૭૪ મકાન માલિકોને નોટિસ આપવામાં આવી અને ખુલાસા મંગાવવામાં આવ્યા છે. આ તમામ નોટિસનો યોગ્ય ખુલાસો ન મળતા તેને સીલ કરવાની કામગીરી પણ કરવામાં આવશે.

ચેકિંગ વીશે મુકેશ પટેલે જણાવ્યું હતું કે, 'ચેકિંગ દરમિયાન કુલ ૨૧ મકાનોને અત્યારે સીલ મારવામાં આવ્યા છે. જ્યારે ચેકિંગ કરવામાં આવે છે ત્યારે કેટલાક મકાન માલિકો ઘર બંધ કરીને જતા રહે છે. એટલે ખબર નથી પડતી કે કયા મકાનમાં કોણ રહે છે. જેને લઈને હવે એક સાથે જેટલી વિંગ હોય તેટલી ટીમ બનાવી અને એક સાથે આવાસ યોજનામાં ચેકિંગ કરવા માટેની પણ સૂચના અપાઈ છે.આ કાર્યવાહી દરમિયાન અમદાવાદના ઉત્તર ઝોનમાં ૯૮ લોકોને નોટિસ પાઠવવામાં આવી છે, તેમાંથી ૪ મકાન સીલ કરવામાં આવ્યા છે. દક્ષિણ ઝોનમાં ૫૫૦ નોટિસ અને ત્યાં પાંચ મકાનોને સીલ કર્યા છે.

## વડોદરા વરસાદી કાંસોની સફાઈ કોર્પોરેશન ડ્રેન માસ્ટર મશીનથી કરાવશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૨ ।

વડોદરા શહેરમાં ચોમાસાની સિઝનમાં વરસાદી પાણીનો નિકાલ વરસાદી કાંસો જેવા કે ભૂખી, મસિયા રૂપારેલ વગેરેમાં બરાબર થઈ શકે તે માટે ડ્રેન માસ્ટર મશીન કોર્પોરેશન બે માસ માટે ભાડે લેનાર છે. ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ અટકે નહીં તે માટે કાંસોના બંને કિનારા પાસેના ઝાડી, ઝાંખરા અને સિલ્ટીંગ દૂર કરવામાં આવે છે, પરંતુ કેટલાક કાંસોમાં પાણી હોવાથી પોકલેન મશીનોથી કાંસની અંદર સફાઈ કામગીરી કરાવી શકાતી નથી. જેને લીધે આવા સ્થળોએ કામ કરવામાં અવરોધ ઊભો થાય છે, જેથી આવા કાંસોમાં ભરાયેલા પાણીમાં ડ્રેન માસ્ટર મશીન ઉતારીને સાફ કરવામાં આવે છે.ગયા વર્ષે પણ ડ્રેન માસ્ટર મશીનથી પ્રાયોગિક ધોરણે ૨૮ દિવસ માટે કામગીરી કરવામાં આવી હતી. આ વખતે વોર્ડ નંબર ૮, ૯, ૧૪માંથી વરસાદી કાંસની સફાઈ માટે ડ્રેન માસ્ટર મશીન ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી. ગયા મહિને મળેલી સંકલન બેઠકમાં આ કામગીરી સત્વરે કરાવવા સૂચન થયું હતું. ડ્રેન માસ્ટર મશીન મુંબઈથી ટ્રાન્સપોર્ટેશન દ્વારા ભાડે મંગાવી ૬૦ દિવસની કામગીરી માટે આશરે ૨૮.૮૦ લાખ ખર્ચ થશે.

## રાજકોટમાં વૃધ્ધની ઘાતકી હત્યા કરી લાશ સળગાવી હતી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૨ ।

રૈયાધારમાં શાંતીનગરના ગેટ સામે મોમાઈનગર-૩ મફતિયાપરામાં એકલા રહેતાં મનસુખભાઈ ટાંક (ઉ.વ.૭૩)ની ચાર દિવસ પહેલાં માથામાં બોથડ પદાર્થનો ઘા ઝીંકી ઘાતકી રીતે હત્યા કર્યા બાદ લાશ સળગાવી દેવાની ચોંકાવનારી ઘટનાનો ભેદ ગાંધીગ્રામ-૨ પોલીસે એલસીબીની મદદથી ઉકેલી લીધો છે. મનસુખભાઈને ખુદ તેના દોહિત્ર હર્ષ બિપીનભાઈ સોલંકી (ઉ.વ.૨૦, રહે. જૂની ગણેશ સોસાયટી શેરી નં.૬, કોઠારીયા મેઈન રોડ) એ માથામાં હથોડીના આડેધડ ઘા ઝીંકી પતાવી દીધા બાદ લાશ પટ્રોલ છાંટી સળગાવી દીધી હોવાનો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં એવું ખુલ્યું છે કે આરોપી હર્ષ અમદાવાદના સોનામહોર જવેલર્સમાં નોકરી કરતો હતો. જયાંથી તેણે ૧૫ તોલા સોનું ચોરી કરતાં પેઢીના માલીક હર્ષીતભાઈ શાહે તેના વિરૂધ્ધ સોલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. હર્ષે ચોરી કરેલું સોનું પેડક રોડ પર આવેલી એચબીએફસી બેંકમાં મુકી રૂા.૮.૬૫ લાખની ગોલ્ડ લોન લીધી હતી. આ રકમમાંથી તેણે રૂા.૫ લાખનું દેણું ભર્યુ હતું. તે ઓનલાઈન ગેમમાં રૂા. એક લાખ હારી ગયો હતો. જે દેણું પણ તેણે ભરી નાખ્યું હતું. આ ઉપરાંત રૂા.એક લાખનો એપલનો ફોન લીધો હતો. બાકીના રૂા.બે લાખ પિતાને આપી દીધા હતા. બાકીની રકમ પોતે ખર્ચી નાખી હતી. ત્યાર પછી સોલા પોલીસે તેની ધરપકડ કરી હતી.



બજારમાં મીઠાઈ, કપડાં અને ખાસ કરીને રાખડીઓનું વેચાણ મોટા પ્રમાણમાં થાય છે

# નવસારીમાં આ તારીખે રાખી બજાર - ફેસ્ટિવલનું કરાશે આયોજન । ૫૦૦થી વધુ વેરાયટી મળશે

**નવસારીમાં દર વર્ષે અલગ-અલગ સ્થળોએ રાખડી બજારનું આયોજન થાય છે, જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે**

। પ્રતિનિધિ, નવસારી, તા.૧૨ ।

રક્ષાબંધન, એટલે ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર, જેને બળેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તહેવારના આગમન સાથે નવસારીમાં રાખડી બજારની રોનક વધે છે, જેની સાથે ઘણા લોકોને રોજગારીની તકો મળે છે. આ બજારમાં મીઠાઈ, કપડાં અને ખાસ કરીને રાખડીઓનું વેચાણ મોટા પ્રમાણમાં થાય છે. નવસારીમાં દર વર્ષે અલગ-અલગ સ્થળોએ રાખડી બજારનું આયોજન થાય છે, જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.



નવસારીના સેન્ટ્રલ બજાર મોલ ખાતે આ વર્ષે શનિવાર અને રવિવાર (૧૨ જુલાઈ) બે દિવસ માટે રાખડી બજારનું આયોજન કરવામાં આવ્યું છે. આ બજાર સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. અહીં ૫૦૦થી વધુ વેરાયટીની રાખડીઓ ઉપરાંત કપડાં અને રક્ષાબંધન સંબંધિત અન્ય વસ્તુઓ મળશે.

રાખડીઓની કિંમત ૨૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની રેન્જમાં હશે. આ એક્ઝિબિશનનું આયોજન કરનાર પીનલબેન જણાવે છે કે, ''આ બજારનો હેતુ ઘરે રાખડી બનાવતી મહિલાઓને એક પ્લેટફોર્મ આપવાનો છે, જેથી તેઓ પોતાની રાખડીઓનું વેચાણ કરી ગુજરાન ચલાવી શકે અને તહેવારની ઉજવણી હર્ષોલ્લાસથી કરી શકે.''

નવસારીના દરજી પંચની વાડી, ટાટા હોલ પાસે ૧૭ અને ૧૮ જુલાઈએ બીજું રાખડી બજાર અને ફેસ્ટિવલનું આયોજન થશે. આ બજારમાં ૪૫થી વધુ વેરાયટીની રાખડીઓ, ચણિયાચોળી, ડ્રેસ મટિરિયલ, કુર્તી, જ્વેલરી, બાળકોના કપડાં અને અન્ય વસ્તુઓ ઉપલબ્ધ હશે. આ ફેસ્ટિવલ રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખડીને ખરીદીની તક પૂરી પાડશે, જેમાં લોકો વિવિધ ડિઝાઈન અને વેરાયટીની ખરીદીનો આનંદ માણી શકશે.

રક્ષાબંધનનો તહેવાર માત્ર ભાઈ-બહેનના પ્રેમનું પ્રતીક નથી, પરંતુ તે અનેક લોકો માટે રોજગારીની તકો પણ લાવે છે. નવસારીના આ રાખડી બજારો ઘરે રાખડી બનાવનાર મહિલાઓ અને નાના વેપારીઓને વેચાણનું પ્લેટફોર્મ આપે છે, જેનાથી તેઓ આર્થિક રીતે સશક્ત બને છે. આ બજારો તહેવારની ઉજવણીને વધુ રંગીન બનાવે છે અને લોકોને એક જ સ્થળે ખરીદીની સુવિધા પૂરી પાડે છે.

રક્ષાબંધન, એટલે ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર, જેને બળેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તહેવારના આગમન સાથે નવસારીમાં રાખડી બજારની રોનક વધે છે, જેની સાથે ઘણા લોકોને રોજગારીની તકો મળે છે. આ બજારમાં મીઠાઈ, કપડાં અને ખાસ કરીને રાખડીઓનું વેચાણ મોટા પ્રમાણમાં થાય છે. નવસારીમાં દર વર્ષે અલગ-અલગ સ્થળોએ રાખડી બજારનું આયોજન થાય છે.

---

૧૩ જુલાઈથી સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી

# ગુજરાત પર બે વરસાદી સિસ્ટમ સક્રિય બે દિવસ પછી મેઘરાજા ભૂક્કા બોલાવશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યમાં ૨ દિવસ બાદ વરસાદનો નવો રાઉન્ડ આવશે. ૧૩ જુલાઈથી સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. બે સિસ્ટમની અસરના કારણે ગુજરાતમાં વરસાદ પડવાની આગાહી છે. અમદાવાદ સહિત રાજ્યમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. આગામી ૫ દિવસ દરિયાકાંઠે ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી સંભાવના છે.ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે અત્યાર સુધીમાં ૪૭ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જેના પગલે સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.જયારે મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૬૨.૮૩ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૩.૩૭ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૫૫.૬૭ ટકા જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૬. ૭૯ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આમ સરદાર સરોવર સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૬. ૭૬ ટકા પાણીનો જથ્થો છે.

## મંત્રી ઋષિકેશ પટેલે ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ આપ્યો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૨ ।

રાજ્ય પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ગંભીરા બ્રિજની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમજ ઋષિકેશ પટેલે ઘટના સ્થળે પહોંચી સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ઋષિકેશ પટેલે ઘટનાનો રિપોર્ટ સોંપવા અધિકારીઓને આદેશ કર્યો હતો. તેમજ ૩૦ દિવસમાં અધિકારીઓ રિપોર્ટ સોંપશે. સરકારે સસ્પેન્શનના પગલા લીધા હોવાનું જણાવ્યું હતું.ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંકમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. બ્રિજ દુર્ઘટનામાં અત્યાર સુધી ૨૦ લોકોના મોત નિપજ્યા છે. આજે વધુ બે મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા. નદીમાંથી ટ્રકને બહાર કાઢતા ૨ મૃતદેહો દેખાયા હતા. રાહત અને બચાવ કામગીરીમાં વધુ એક અડચણ પણ ઊભી થઈ હતી. ઘટના સ્થળે સોડા એશ ભરેલું ટેક્કર લીક થયુંહતું. સોડાએશ પાણીમાં મિક્સ થતા આંખમાં બળતરાની ફરિયાદ થઈ હતી.ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ખેડાનું વહીવટી તંત્ર એલર્ટ મોડમા આવી જવા પામ્યું હતું. જિલ્લામાં બ્રિજની તપાસ અને રિપેરિંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

## અમદાવાદના ચાંદખેડામાં ધોળાદિવસે રિક્ષાચાલકની હત્યા : પેસેન્જર બનીને આવેલા યુવકોએ લોહીલુહાણ કરી નાખ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

શહેરમાં દિવસેને દિવસે ક્રાઈમની ઘટનાઓ વધતી જાય છે. ત્યારે હવે ફરી એકવાર અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં જોઈએ તો, સંબંધ રાખવા માટે દબાણ કરનારા પાડોશીની ભત્રીજાએ મિત્ર સાથે મળીને હત્યા કરી નાખી હતી. રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેસી મિત્રો પાડોશી રિક્ષા ચાલકને ત્રાગડ પાસે લઈ ગયા અને ત્યારબાદ ત્રણ લોકોએ ભેગા મળીને ઉપરાછાપરી છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી. જો કે પોલીસને જાણ થતાં જ ગણતરીની કલાકોમાં ત્રણેય આરોપીઓની ધરપકડ થઈ ગઈ છે.અમદાવાદ શહેરના ચાંદખેડામાં જાણે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. નજીવી બાબતમાં યુવકનું અપહરણ કરીને હત્યા કરી દેવામાં આવી હતી, જે બાદ બીજે દિવસે બીજો હત્યાનો બનાવ બન્યો છે. ત્રાગડ અંડરપાસ નજીક સર્વિસ રોડ પર લોહીલુહાણ હાલતમાં કોઈ પુરુષનો મૃતદેહ મળી આવ્યો હોવાનો મેસેજ મળતા જ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. જેમાં મૃતક મોતીભાઈ ભાટી જે સેટેલાઈટના રામદેવનગરમાં રહે છે અને રિક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું હતું. હત્યા કોણે અને શા માટે કરી તે અંગે તપાસ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે મોતીભાઈને છેલ્લા કેટલાક સમયથી પાડોશમાં રહેતી મહિલા સાથે અવારનવાર ઝઘડા થતાં હતાં. જેથી પોલીસે મહિલાની પૂછપરછ કરતાં સમગ્ર ગુનાનો ભેદ ઉકેલાયો હતો અને પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક છેલ્લા કેટલાક સમયથી તેના ઘરની નજીકમાં રહેતી મહિલા સાથે સંબંધ રાખવા દબાણ કરતો હતો અને એકાદ મહિના પહેલા તેઓને બોલાચાલી બાદ ઝઘડો પણ થયો હતો.

FREE
HEARING TEST
ઉમેદ ચૌહાણ
મો.: ૯૧ ૯૮૭૯૭૭૮૦૦૮

શું તમને સાંભળવામાં તકલીફ થાય છે ?
આજે જ તમારી શ્રવણ શક્તિ તપાસો...
કોને લાભ મળવા પાત્ર છે.
પેન્શનર તથા સરકારી કર્મચારીઓ તેમજ મ્યુ. કોર્પોરેશનમાં નોકરી ધરાવતા હોય તેમના માટે રૂા. ૫૦,૦૦૦/-ના રીઈમ્બરસમેન્ટની સ્કીમનો લાભ મેળવો.

ગુજરાતના બધાજ શહેરોમાં સુવિધા ઉપલબ્ધ છે.
ફ્રી હીઅરીંગ ચેકઅપ કેમ્પ માટે સંપર્ક કરો.

માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
2024-3
પ્રતિક્ષા વિધા પ્રતિષ્ઠાન સંકુલ
સમસ્ત પટેલ સમાજ કન્યા સંસ્કાર મંદિર
મહિલા નિવાસી સંકુલ
Mts.D.B.Patel Edu. Trust
પ્રવેશ-માર્ગદર્શન માટે મળો. 2024-25
ગુણવતા યુકત શિક્ષણ માટે દરેક કલાસરૂમમાં મર્યાદિત સંખ્યા..
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહ
100 % H.S.C. BOARD 2024 Result
સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
વર્ષ : ૨૦૦૩ થી વર્ષ : ૨૦૨૪ સુધી કુલ ૩૦ વખત ગુજરાત બોર્ડમાં ૧૦૦% પરિણામ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી શાળા
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
ગુજરાતી માધ્યમ – સામાન્ય પ્રવાહ ધો.૧૧–૧૨
ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં 100% પરિણામ...
1 સાવલીયા રેન્સી હરેશભાઈ 99.14 PR
2 વાવલીયા રાજવી વિજયભાઈ 99.08 PR
2 પાંભર કરીના પરસોત્તમભાઈ 99.08 PR
3 ભાદાણી જાનવી ગોપાલભાઈ 98.71 PR
3 મકવાણા સેજલ માધાભાઈ 98.71 PR
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
100 % H.S.C. BOARD 2024 Result
ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય- આટકોટ
1 ભાલોડિયા ખુશી ભાવેશભાઈ 91.85 PR
2 ત્રિવેદી નિરાલી નીતાબેન 91.05 PR
3 મેણિયા પ્રિયંકા વિજયભાઈ 90.11 PR
100 % S.S.C. BOARD 2024 Result
સમગ્ર ગુજરાત રાજયમાં માર્ચ - ૨૦૨૪માં લેવાયેલ
ધો. ૧૦માં ૧૦૦% પરિણામ...
માતૃશ્રી એસ.ડી.માધ્યમિક કન્યા શાળા - આટકોટ.
1 રાજાણી રૈના રમેશભાઈ 95.96 PR
2 સિસોદીયા ધરાકુંવરબા મુળરાજસિંહ 95.67 PR
3 ડામોર ધ્રુવી અર્જુનસિંહ 94.77 PR
4 અણિયાળીયા સાધના ઈશ્વરભાઈ 93.45 PR
4 પલાળિયા જ્યોતિકા રાજેશભાઈ 93.45 PR
5 માકડિયા વિશ્વા જીતેશભાઈ 92.93 PR
શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ.
ધો. ૪ થી ૮ સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ
શ્રી એલ.એચ.રામાણી પ્રાયમરી સ્કૂલ- આટકોટ
(સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ શાળા)
જુન ૨૦૨૪ થી પ્રવેશ શરૂ...
Play House, L.K.G., H.K.G., Std. 1 to 5 Std 6 to 8
કેરેલીયન સ્ટાફ દ્વારા શિક્ષણ
+91 94269 61132 / 96872 03855 / 94272 31583 / 99745 93155

## તંત્રી લેખ...


# મિડિયા ટ્રાયલ જોખમી

દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી મિડિયા ટ્રાયલને લઇને આખરે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે નોંધ લઇ લીધી છે. એક કાર્યક્રમમાં હાજરી આપતી વેળા ચીફ જસ્ટીસે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે દેશમાં કેટલાક મિડિયા હાઉસ દ્વારા ઉદ્ધેશ્ય સાથે મિડિયા ટ્રાયલ ચલાવવામાં આવે છે. આ રીત ખુબ જ ખતરનાક છે. આના કારણે પક્ષપાતી રીતે સોશિયલ મિડિયામાં કોઇ બાબતને ફેલાવવામાં આવે છે. કેટલાક મિડિયા દ્વારા કંગારુ કોર્ટ ચલાવવામાં આવે છે. આ પ્રકારની કંગારુ કોર્ટમાં કોઇ એક બાબતને ખોટી રીતે ફેલાવવામાં આવે છે. પક્ષપાતી રીતે કોઇ મુદ્દા પર લોકો અને આ પ્રકારની ટ્રાયલ ચાલવનાર લોકો પોતાની પ્રતિક્રિયા આપે છે. કેટલાક સંવેદનશીલ મુદ્દા પર પોતાના જ ચુકાદા પણ આપી દેવામાં આવે છે. આના કારણે ન્યાયિક વ્યવસ્થાની કામગીરી પર પ્રતિકુળ અને માઠી અસર થઇ રહી છે. આવી પ્રકારની ગતિધી ફેલાઇ ગયા બાદ જ્યારે મામલા કોર્ટમાં પહોંચતા હોય છે ત્યારે કોઇ પણ પ્રકારના નિર્ણય લેવામાં ખુબ મુશ્કેલી પડે છે. જેથી આ પ્રકારની બાબત પર કોઇ મિડિયા હાઉસ દ્વારા નિવેદનબાજી કરવાના બદલે તટસ્થ વલણ સાથે આગળ વધવાની જરૂર હોય છે. કારણ કે લોકો દ્વારા પોતે કોઇ સંવેદનશીલ કેસમાં ચુકાદા આપી દેવામાં આવે છે. પોતાની સમજ મુજબ લોકો પોતાના નિર્ણય આપે છે. જેથી કોઇ જટિલ કેસોમાં અનેક પ્રકારની તકલીફ સર્જાઇ જાય છે. લોકો કોઇ મેસેજને સમજ્યા વગર જ ફોરવર્ડ કરી દેવામાં આવે છે. જે ખતરનાક બાબત છે. ત તમામ સમાજના લોકો પર માઠી અસર કરે છે. આના કારણે લોકશાહી પણ મજબુત બનવાના બદલે નબળી પડે છે. લોકશાહીની પીછેહટ થાય છે. ચીફ જસ્ટીસે જે બાબતો પર વાત કરી છે તે ખુબ જ મહત્વપૂર્ણ અને તમામ માટે પ્રેરણા સમાન છે. કારણ કે ન્યાયતંત્ર અને કાર્યતંત્ર બંને ખાસ ગૌરવ અને સન્માન ધરાવે છે. તેમના પર કોઇ પણ પ્રકારના દબાણ આવે તે યોગ્ય નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે ભારતમાં તો ત્રાસવાદીઓના કેસમાં તેમને કોઇ પણ પ્રકારના અન્યાય ન થાય તે માટે મોડી રાત સુધી અથવા તો વહેલી સવાર સુધી કોર્ટ ચાલે છે. અન્યાયના કોઇ વિકલ્પ રહેવા દેતા નથી. આવી સ્થિતીમાં કોઇ પણ પ્રકારના કંગારુ કોર્ટ યોગ્ય નથી. આના કારણે સ્થિતી હળવી બનવાના બદલે જટિલ બની જાય છે.લોકો વિવિધ દિશામાં વિચારીને કોઇ પણ મુદ્દા પર ટિપ્પણી કરે તે પણ જરૂરી છે. રાજનેતાઓને પણ સુચન છે કે કોઇ પણ મુદ્દા પર નિવેદન કરતા પહેલા તેની દુરગામી અસર કેટલી થશે તેને ધ્યાનમાં લઇને કોઇ વાત કરવી જોઇએ. વર્તમાન સમયમાં કંગારુ કોર્ટને લઇને સુપ્રીમ કોર્ટના ચીજ જસ્ટીસના દરેક શબ્દને ધ્યાનમાં લઇને આગળ વધવવાની જરૂર છે. સાથે સાથે આ દિશામાં કોઇ નિર્ણય ન આવે ત્યાં સુધી કોઇ ટિપ્પણી કરવાથી પણ બચવાની જરૂર છે. ચીફ જસ્ટીસના નિવેદન બાદ કાયદાકીય નિષ્ણાંતોમાં આની ભારે ચર્ચા રહી છે. સાથે તમામ લોકો તેમની સાથે એકમત પણ નજરે પડી રહ્યા છે. જે તેમની બાબતની ગંભીરતાને સ્પષ્ટ રીતે રજૂ કરી દે છે.સોશિયલ મિડિયા આજે ખતરનાક સ્વરૂપમાં વધારે દેખાય છે.

## થોડું હટકે...

# ટોપ સંસ્થાઓ બનવા વધુ નાણાં જરૂરી

વિશ્વમાં ટોપની સંસ્થાઓમાં સ્થાન મેળવી લેવા માટે ભારતીય સંસ્થાઓ દ્વારા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમાં સફળતા પણ મળી રહી છે જો કે હજુ વ્યાપક સુધારા કરવાની જરૂર છે. વિશ્વની ટોપ કોલેજ અને યુનિવર્સિટીઓમાં અમારી સંસ્થાઓ રહે તે પણ ગર્વની બાબત હોય છે. હજુ આમાં ભારતીય સંસ્થાઓ ઓછી અથવા તો નહીંવત નજરે પડે છે. આના માટે કેટલાક કારણો દેખાતા રહ્યા છે. ટોપ સંસ્થાઓ બનાવવા માટે પુરતા પ્રમાણમાં નાણાની જરૂર રહે છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) તરફથી વર્ષ ૨૦૨૧ માટે ભારતીય કોલેજ અને યુનિવર્સિટીના રેન્કિંગ જારી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના રેન્કિંગમાં છેલ્લા વર્ષોની તુલનામાં કેટલાક સુધારા જોવામાં આવ્યા છે. જેમ કે લો અને આર્કિટેકચર જેવી જુદી જુદી સંસ્થાઓ માટે શ્રેણી વધારી દેવામાં આવી છે. પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી. રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ સુધી પહોંચી ગઇ છે. દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે દરેક પરિસ્થિતીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના રેન્કિંગમાં સામેલ થવાની બાબત જરૂરી છે. જે સરકારી સંસ્થાઓ આમાં સામેલ થશે નહીં તેમને મળનાર ફંડમાં કાપ મુકવામાં આવશે. માનવામાં આવે છે કે તમામ સરકારી સંસ્થાઓ આ રેન્કિંગમાં સ્વય સામેલ થશે. આ રેન્કિંગ જારી કરવામાં આવી છે. તેમા દેશની આઠ જુદી જુદી સંસ્થાઓસામેલ છે. જુદા જુદા પ્રકારની શિક્ષણ સંસ્થાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. જેમના રેન્કિંગ ખાસ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે તેમાં યુનિવર્સિટી, એન્જિનિયરિંગ, મેડિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લો અને અન્ય કોલેજ સામેલ છે. એક નવમી શ્રેણી પણ છે. જેમાં તમામ સંસ્થાઓના રેન્કિંગએક સાથે કરવામાં આવ્યા છે. હાલમાં જારી કરવામાં આવેલી રેન્કિંગમાં વર્ષ ૨૦૨૨માં છ ભારતીય આઇઆઇટી સંસ્થાન સમગ્ર શ્રેણીમાં ટોપના ૧૦ સ્થાન પર છે. મદ્રાસ બીજા, મુંબઇ ત્રીજા, દિલ્હી ચોથા, ખડગપુર પાંચમાં, કાનપુર સાતમા, અને રૂરકી આઠમા સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ પહેલા તો જવાહર લાલ નહેરુ યુનિવર્સિટી રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને રહી છે. વારાણસી હિન્દુ યુનિવર્સિટી નવમા સ્થાને છે. જ્યારે અણ્ણા યુનિવર્સિટી દસમાં સ્થાને છે. ગોવા આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી નક્કર પણે માને છે કે ભારતમાં મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની રહેલી છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંસ્થાઓમાં જ અભ્યાસ કરી રહ્યા છે. ૬૫ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ જ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મજબુર છે. ૬૭ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી ચિત્તાઓ લુપ્ત થઈ ગયા હતા...

**૨૦મી સદીની શરૂઆત સુધી ભારતીય ચિત્તાની વસ્તી ઘટીને ૧૦૦ની અંદર આવી ગઇ હતી અને રાજકુમારોએ આફ્રિકન જાનવરોને આયાત કરવાના શરૂ કરી દીધા ૧૯૧૮થી ૧૯૪૫ વચ્ચે લગભગ ૨૦૦ ચિત્તા આયાત કરવામાં આવ્યા હતા**

# ચિત્તો : ધરતી પરનું સૌથી વધુ ઝડપ ધરાવતું પ્રાણી હવે લુપ્ત થવાના આરે...!

**બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના જર્નલ મુજબ, ભારતમાં પહેલેથી ચિત્તાઓ દેખાતા રહ્યા છે. પરંતુ ધીરે ધીરે લુપ્ત થઇ ગયા. તમને જાણીને નવાઇ લાગશે કે ભારતમાં જ્યારે માત્ર એક છેલ્લો ચિત્તો વધ્યો હતો ત્યારે પણ એક મહારાજાએ તેનો શિકાર કરી દીધો હતો**

ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી લુપ્ત થઈ ગયેલા ચિત્તાઓની વસ્તી પુનર્જીવિત કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૂનો નેશનલ પાર્કમાં આઠ ચિત્તાઓને છોડીને એક નવો ઈતિહાસ રચ્યો છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીવર ખેંચીને ચિત્તાઓને કુનો નેશનલ પાર્કમાં છોડ્યા હતા .કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓને છોડ્યા બાદ પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યુ કે આજે ચિત્તા ભારતના મહેમાન બનીને આવ્યા છે અને દાયકાઓ પહેલા તૂટેલી કડી આજે જોડાઈ ગઈ છે.



વર્ષ ૧૯૫૨માં લુપ્ત થઈ ગયેલા ચિત્તા ફરી એકવાર ભારતની ધરતી આવી પહોંચ્યા છે. આચિત્તાઓનું નવુ નિવાસસ્થાન મધ્ય પ્રદેશમાં કુનો નેશનલ ફોરેસ્ટ પાર્ક બની ગયું છે. નામીબિયાથી આઠ ચિત્તાઓ વહેલી સવારે ગ્વાલિયરના મહારાજા એરપોર્ટ પર પહોંચ્યા હતા અને ત્યારપછી અહીંથી આ તમામ ચિત્તાઓને સેનાના ત્રણ વિશેષ હેલિકોપ્ટર દ્વારા કુનો નેશનલ પાર્ક લવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના જન્મદિવસ નિમિત્તે સવારે ૧૧.૩૦ વાગ્યે લીવર ખેંચીને ત્રણ ચિતાઓને જંગલમાં છોડ્યા હતા. હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તમામ ચિત્તાઓ થોડા દિવસો માટે એક ખાસ વાડામાં રહેશે. જ્યારે તેમને અહીંના વાતાવરણ અને હવા પાણીની ટેવ પડી જશે, ત્યારે સમગ્ર જંગલ તેમને સોંપવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે “એ ઘણુ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે વર્ષ ૧૯૫૨માં દેશમાંથી ચિત્તાઓને લુપ્ત જાહેર કરી દેવાયા અને ત્યારબાદ દાયકાઓ સુધી તેમના પુનર્વસન માટે કોઈ સાર્થક પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. આજે આઝાદીના અમૃતકાળમાં હવે દેશ નવી ઉર્જા સાથે ચિત્તાઓના પુનર્વસનના કામમાં લાગી ગયો છે.એ વાત સાચી છે કે જ્યારે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ થાય છે તો આપણું ભવિષ્ય પણ સુરક્ષિત છે. વિકાસ અને સમૃદ્ધિના માર્ગો પણ ખુલે છે. જ્યારે કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓ ફરી દોડશે, ત્યારે અહીંની ગ્રાસલેન્ડ ઈકોસિસ્ટમ ફરીથી રિસ્ટોર થશે.”

દક્ષિણ આફ્રિકાના નામીબિયાથી આવેલા ચિત્તામાં પાંચ માદા અને ત્રણ નર છે. ચિત્તાની ઉંમર અઢીથી સાડા પાંચ વર્ષ વચ્ચે છે. આ જાણકારી પણ સામે આવી કે આઠ ચિત્તામાં બે સગા ભાઈ પણ સામેલ છે. ચિત્તાના પ્રોજેક્ટમાં સામેલ એક એજન્સી ચિત્તા સંરક્ષણ કોષ પાસેથી મળેલી જાણકારી અનુસાર આ ચિત્તામાં ત્રણ નર છે જ્યારે પાંચ માદા છે. એક ચિત્તાની ઉંમર ૧૨ વર્ષ પણ છે. ચિત્તો, બિલાડી કુળનું અનોખું પ્રાણી છે,જે ધરતી પરનું સૌથી વધુ ઝડપ ધરાવતું પ્રાણી છે. ચિત્તાની ઝડપ ૧૧૨ થી ૧૨૦ કિમી/કલાક હોય છે. આ ઝડપે તે લગભગ ૪૬૦ મીટર (૧૫૦૦ ફીટ) જેટલું અંતર કાપી શકે છે.તે ફક્ત ૩ સેકન્ડમાં ૦ થી ૧૧૦ કિમી/કલાકનો વેગ પકડી શકે છે,જે વિશ્વની કોઈપણ સુપરકાર કરતાં વધુ છે.

ચિત્તાનું ટૂંકું માથું, પાતળું શરીર અને લાંબા પગ તેને ઝડપી ગતિ પકડવામાં મદદ કરે છે.આ પ્રાણી ભારતમાંથી લુપ્ત થઈ ગયેલ છે. જો કે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય,જુનાગઢ,ગુજરાતમાં બે જોડી ચિત્તા સિંગાપુર પ્રાણી સંગ્રહાલયમાંથી લવાયેલ છે,જે હવે ત્યાં લોકોને જોવા માટે ખુલ્લા મુકાયેલ છે. જીનેટિકલી સમાનતા અને અનુકૂલન સાધવામાં આફ્રિકી ચિત્તાઓને ભારતનું વાતાવરણ માફક આવે તેવું છે. નામિબીયાથી ૮ ચિત્તા લાવવાની કવાયત છેલ્લા ૧૨ વર્ષથી ચાલતી હતી.વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૨ દરમિયાન ચિત્તાને અનકૂળ વાતાવરણ જણાય તેવા અનેક સ્થળોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં મધ્યપ્રદેશનું કુનો રાષ્ટ્રીય ઉધાન સૌથી માફક આવે તેવું જણાયું હતું. પ્રતિ કલાક ૮૦ કિમી ઝડપે દોડી શકતું આ જંગલી પ્રાણી દુનિયામાંથી લૂપ્ત થતું જાય છે. ભારતની વાત કરીએ તો છેલ્લા ૭૦ વર્ષથી એક પણ ચિત્તો નથી.હવે ભારતમાં ૭ દશક બાદ ચિત્તાની ત્રાડ સંભળાશે. આ ઐતિહાસિક ઘટના મધ્યપ્રદેશના કૂના નેશનલ પાર્કમાં બનશે. તેના માટે કૂનો નેશનલ પાર્કમાં ખાસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. હવે ચિત્તા કૂના નેશનલ પાર્કની શાન બનશે.વર્ષો બાદ ભારતના લોકો ચિત્તાને ભારતની ધરતી પર જોવા મળ્યા છે. જોકે ૭૦વર્ષ પહેલા ભારતમાં ઘણા ચિત્તાઓ હતા. પણ એક પછી એક ચિત્તાના શિકાર કરવામાં આવતા પ્રાણીનું વંશ નિકંદન નિકળી ગયું. આઝાદી પહેલા ભારતના પૂર્વોત્તર વિસ્તારને છોડતા પ વર્તીય અને તટ વિસ્તારોમાં ચિત્તાની વસ્તી જોવા મળતી હતી. એવું માનવામાં આવે છે કે મોગલ બાદશાહ અકબર પાસે ૧ હજાર જેટલા ચિત્તા હતા. આ ચિત્તાનો ઉપયોગ હરણ અને ચિકારાનો શિકાર કરવા માટે થતો હતો. ચિત્તાની સંખ્યા સતત ઘટવા લાગી. પરંતુ તેના પર કોઈ જ ધ્યાન આપ વામાં આવ્યું નહી. કેટલાક રજવાડા દ્વારા તો આફ્રીકાથી ચિત્તા પણ આયાત કરવામાં આવતા હતા. ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી ચિત્તાઓ લુપ્ત થઈ ગયા છે. છેલ્લે ભારતમાં ત્રણ ચિત્તાઓ બચ્યા હતા.જે નરજાતિના હતા અને તેમનો મહારાજા રામાનુજ પ્રતાપ સિંઘ દેઓ દ્વારા શિકાર કરાયેલો.અત્રે ઉલ્લેખનીય છે કે મધ્ય ભારતના સુરગુજા સ્ટેટના મહારાજા રામાનુજ પ્રતાપસિંહ દેઓના નામે ૧,૩૬૦ વાઘનો પણ શિકાર કરવાનો વિક્રમ છે.એમણે રાતના સમયે આખરી ત્રણ ચિત્તાનો શિકાર કરેલો. જેની નોંધણી વર્ષ ૧૯૪૮માં થઈ હતી.

એક સમય હતો જ્યારે ભારતમાં દીપડાઓની સારી એવી વસ્તી હતી. પરંતુરાજા-મહારાજાઓએ તેમનો શિકાર કરવાનું શરૂ કરી દીધું. આ ઉપરાંત દીપ ડાની ચામડીનો વેપાર કરવા કરવા માટે પણ તેમનો શિકાર કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં બ્રિટિશ ભારતના જમાનામાં દીપડાઓ ગામમાં ઘૂસી જતા હતા, જેના કારણે લોકો તેમને મારી નાખતા હતા.

આ બધાં કારણોને લીધે ભારતમાં તેમની વસ્તી સતત ઘટતી રહી. ચિત્તા છેલ્લે ૧૯૪૮ માં ભારતમાં જોવા મળ્યો હતો. ૧૯૪૮માં સરગુજાના મહારાજા રામાનુજ પ્રતાપસિંહ દેવે ત્રણ દીપડાઓનો શિકાર કર્યો હતો. આ ભારતનો છેલ્લો ચિત્તો હતો. ૧૯૫૨માં ભારતે ચિત્તાને વિલુપ્ત જાહેર કર્યો હતો. ૧૫૫૬થી ૧૬૦૫ સુધી શાસન કરનારા મુગલ બાદશાહ અકબરના સમયમાં દેશમાં ૧૦ હજારથી વધારે ચિત્તા હતા. અકબર પાસે પણ કેટલાક ચિત્તા રહેતા હતા. જેનો ઉપયોગ તે શિકાર માટે કરતા હતા. કેટલાક રિપોર્ટ્સમાં આ દાવો કરવામાં આવે છે કે એકલા અકબર પાસે જ હજારથી વધારે ચિત્તા હતા.

અકબરના પુત્ર જહાંગીરે પાલાના પરગનામાં ચિત્તાની મદદથી ૪૦૦થી વધારે હિરણનો શિકાર કરાવડાવ્યો હતો. અકબર જ નહી, મુગલકાળ અને તે બાદના તમામ રાજાઓએ શિકાર માટે ચિત્તાનો સહારો લેવાનું શરૂ કરી દીધુ છે. શિકાર માટે રાજા ચિત્તાને કેદ કરવા લાગ્યા હતા.



### મોબાઇલ ડેટા સસ્તા થતા સ્થાનિક ભાષાના વિડિયોની બોલાબાલ

**પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઇન્ટરનેટ કામમાં લેતા હતા જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે દેશમાં મોબાઇલ ડેટા સસ્તા થઇ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઇ છે**

# વિડિયો સ્ટ્રીમિંગનો ક્રેઝ વધી ગયો

**સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઇસ સર્ચ કરે છે : યુટ્યુબ પર ભારતીયો રોજ એક કલાક ૧૧ મિનિટ ગાળી રહ્યા છે**

દેશમાં વિડિયો જોવાનો ક્રેઝ જોરદાર રીતે વધી ગયો છે. સામાન્ય વ્યક્તિની પાસે ઓછી કિંમતમાં સારા મોબાઈલ ફોન હવે પહોંચી ચુક્યા છે. મોબાઈલ ડેટા પણ ખુબ સસ્તા છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિ સ્થાનિક ભાષામાં કન્ટેન્ટ જોઈ શકે છે. દેશમાં કેટલાક વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. અલબત્ત હજુ પણ યુ ટ્યુબ દેશમાં નંબર વન વિડિયો સ્ટ્રીમિંગ એપ તરીકે છે. આ ફ્રી પણ છે. તેના માટે કોઈ માસિક ચાર્જ લાગુ કરવામાં આવતા નથી. કેટલીક મોટી કંપનીઓ પણ વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. પરંતુ આના માટે યુઝર્સ પાસેથી માસિક અથવા તો વાર્ષિક ચાર્જ વસુલ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય વ્યક્તિુ યુટ્યુબ પર જ સ્થાનિક ભાષાના વિડિયો જોઈ રહ્યા છે. કેટલાક યુઝર્સ સર્ચ બારમાં યોગ્ય વર્ડ ટાઈપ કરી શકતા નથી. આવી સ્થિતીમાં વોઈસ સર્ચ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. તેઓ બોલીને પોતાના પસંદગીના વિડિયો નિહાળી શકે છે. કેટલાક ભારતીય લોકો માટે તો ઈન્ટરનેટનો અર્થ જ ઓનલાઈન વિડિયો છે. પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઈન્ટરનેટ કામમાં લેતા હતા. જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે. દેશમાં મોબાઈલ ડેટા સસ્તા થઈ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઈ છે. આવી સ્થિતીમાં સ્થાનિક ભાષામાં વિડિયો લાખોની સંખ્યામાં હાલમાં નિહાળવામાં આવે છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરી શકે છે. યુટ્યુબ સુધી લાખો ભારતીય લોકોની પહોંચ થઈ ચુકી છે. ભારતમાં યુ ટ્યુબની વાત કરવામાં આવે તો કેટલીક નવી બાબત નિકળીને સપાટી પર આવી જાય છે. દરરોજ એક ભારતીય વિડિયો પર વધુને વધુ સમય ગાળે છે.



વર્ષ ૨૦૨૧માં દરેક ભારતીય વિડિયો પર દરરોજ ૫૨ મિનિટ ગાળી રહ્યો હતો. આ સમય હવે વર્ષ ૨૦૨૨માં વધીને ૬૭ મિનિટ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨મા પણ વૈશ્વિક સ્તરની વાત કરવામાં આવે તો વિશ્વમાં દરેક વ્યક્તિ દરરોજ ૬૭ મિનિટ વિડિયો પર ગાળે છે. કેટલાક સ્થાનિક ભાષાના યુટ્યુબ સ્ટાર્સ ભારે ચર્ચા જગાવી રહ્યા છે. સ્થાનિક ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપની વાત કરવામાં આવે તો પણ આ સંખ્યા વધારે રહે છે.

વર્ષ ૨૦૨૨ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો તેલુગુ ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપનો આંકડો ૬૭.૪ અબજનો રહ્યો હતો. આવી જ રીતે વર્ષ ૨૦૨૨માં તેલુગુ ભાષામાં યુટ્યુબ સ્થાનિક ભાષામાં વ્યુઅરશીપ આંકડો ૧૨.૭ અબજનો રહ્યો હતો. તમિળ, પંજાબી, મલયાલમ અને ભોજપુરી ભાષામાં પણ આંકડો ખુબ ઉંચો રહેલો છે. ભારતમાં ઈન્ટનેટ યુઝર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૨૨ની વાત કરવામાં આવે તો આ સંખ્યા હવે વધીને ૬૨.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિડિયો નિહાળવા માટેનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો વિડિયો નિહાળતા લોકોમાં શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં સંખ્યા ૨૯.૫ કરોડની આસપાસ હતી. આ સંખ્યા વર્ષ ૨૦૨૨માં વધીને ૩૩.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૮.૬ કરોડજેટલી હતી. જે હવે વર્ષ ૨૦૨૨માં બદલાઈ ગઈ છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૯૭ ટકા મોબાઈલ યુઝર્સ પોતાના મોબાઈલ ડિવાઈસ પર ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૨ સુધી ૭૫ ટકા હિસ્સો વિડિયો સ્ટ્રીમિંગનો રહેનાર છે. કુલ મોબાઈલ ઈન્ટરનેટ યુઝનો આંકડો વધનાર છે. પ્રતિ માસિક એક્ટિવ યુઝરની વાત કરવામાં આવે તો ફેબસબુક પર આ સંખ્યા ૩૧ કરોડની આસપાસ રહેલી છે. જ્યારે યુ ટ્યુબ પર આ સંખ્યા ૨૬.૫ કરોડની આસપાસ રહેલી છે. નિષ્ણાંત લોકો કહે છે કે ૬૦ ટકા યુટ્યુબ વોચ ટાઈમ દેશના છ મોટા મેટ્રો શહેરમાંથી આવે છે. ૯૫ ટકા સુધી સ્થાનિક ભાષાના કન્ટેન્ટને ટાયર બે અને ટાયર ત્રણ શહેરના લોકો નિહાળે છે.

# ખાસ રિસર્ચ દુનિયા બદલવા તૈયાર

**સ્માર્ટ પેપર કમાન્ડથી ફોલ્ડ અને સમતલ થઇ શકશે : પોર્ટેબલ ડિવાઇસ હવાથી પાણી હાર્વેસ્ટ કરી શકવામાં સક્ષમ બની જશે**

સમગ્ર દુનિયામાં વૈત્રાનિકો કેટલીક નવી નવી શક્યતાઓ અંગે માહિતી મેળવી રહ્યા છે. આના કારણે દુનિયા વધારે સલામત અને સુરક્ષિત બનવાની સાથે સાથે સુવિધામાં વધારો થનાર છે. કેટલીક એવી શોધ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે જે ભવિષ્યમાં દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે. આ દિશામાં વૈજ્ઞાનિકો સફળ રીતે આગળ વધી રહ્યા છે. શુ તમને આ બાબતી માહિતી છે કે રશિયામાં જુરાસીક પાર્ક સ્ટાઈલમાં લેબ ખુલનાર છે. આની યોજના વિલુપ્ત પશુ પ્રજાતિઓને ફરી એકવાર જીવિત કરવા માટેની રહેલી છે. આ એક પ્રકારની ક્લોનિંગ લેબ પણ છે. જેમાં હજારો વર્ષ પહેલાના પ્રાણીઓ પણ જોવા મળનાર છે. સમગ્ર દુનિયામાં આ પ્રકારના અનેક વૈજ્ઞાનિક ડેવલપમેન્ટ થઈ રહ્યા છે. જે મોટી સફળતા તરીકે આગળ વધી શકે છે. હાલમાં એક એવી શોધ પણ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી છે જેના કારણે કઈ ઈમારત ધરાશાયી થનાર છે તે અંગે માહિતી મળી જશે. એઓસ્ટ્રેલિયન શોધ કરનાર લોકો દ્વારા એક પ્રકારના ખાસ ટૂલ્સ વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે. જે કેટલીક રાહત આપનાર છે. આ એવા ટુલ વિકસિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે કોઈ ઈમારત ક્યારેય ક્રેક થનાર છે અથવા તો તુટી જાનાર છે તે સંબંધમાં માહિતી મળી જશે. ઈમારતની આધારશીલા કઈ રીતે સરકી રહી છે તે પણ જાણી શકાશે. આ ગ્રાઉન્ડ મોશન પેટર્નનુ મુલ્યાંકન કરવા માટે એપ્લાઈડ મેથ અને બિગ ડેટા એનાલીસીસ કરે છે. આ લેન્ડસ્લાઈટ્સના સમયને ટ્રેક કરે છે. અન્ય એક શોધ એવી પણ થઈ રહી છે જેના કારણે હવે ક્લોથિંગમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ મારફતે વાતચીત પણ કરી શકાય છે. શોધ કરનાર લોકોએ એક એવા સાધન તૈયાર કરવામાં સફળતા મેળવી છે જે એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક્સવાળા એવા ફાઈબર બનાવ્યા છે. જે ફલેક્સિબલ છે. જેમને સોફટ ફેબ્રિક્સમાં મુકી શકાય છે. તેમને વિયરેબલ ક્લોથિંગના રૂપમાં બનાવવામાં આવે છે. ઓટો ઈલેક્ટ્રોનિક્સ સેમી કન્ડક્ટર ડિવાઈસ સાથે અલગ પડી ગયા બાદ પણ તેને ધોવા લાયક ફેબ્રિક્સમાં નાંખી શકાય છે. તે ક્લોથિંગ ડિવાઈસ સાથે વાતચીત કરી શકે છે. બીજી બાજુ એક સ્માર્ટ પેપર બનાવવા માટેની રીત વિકસિત કરવામાં આવી રહી છે. કન્ડક્ટિંગ થર્મોપ્લાસ્ટિકની પાતળી લેયર સામાન્ય પેપર પર એપ્લાય કરવામાં આવનાર છે. જે રિવર્સેબલ એક્યુએટર તરીકે કામ કરનાર છે. જ્યારે ઈલેકક્ટ્રિકલ કરન્ટ અપ્લાય કરવામાં આવે છે ત્યારે થર્મોપ્લાસ્ટિક ગરમ થઈને વિસ્તૃત બની જાય છે. જેના કારણે પેપર ફોલ્ડ થઈ જશે. જ્યારે કરન્ટ હટાવી દેવામાં આવશે ત્યારે પેપર પોતાના જુના સેપમાં પરત આવી જશે. આવી જ રીતે બ્રિટીશ વૈજ્ઞાનિકો દ્વારા પણ એક ખાસ શોધ પર કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સનલાઈટને કામ લઈને આગળ વધવામાં આવી રહ્યુ છે. પાણીને આના કારણે ડ્રાઈડ્રોજન અને ઓક્સીજનમાં બદલી નાંખવામાં આવનાર છે પાણીને તોડીને સનલાઈટને ફ્યુઅલમાં ફેરવી નાંખવામાં આવનાર છે.યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની એક ટીમ દ્વારા આ દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સેમી આર્ટિફિશિયલ ફોટોસિન્થેસિસને કામમાં લઈને સોલર એનર્જી ઉભી કરવામાં આવનાર છે. અન્ય એક શોધની વાત કરવામાં આવે તો વિશાળ અને વિરાટ સ્વરૂપમાં મેગલન ટેલિસ્કોપનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જે ચિલિયન માઉન્ટેન રેન્જની શિખર પર છે જેમાં કોહેરેન્ટ ઓપ્ટિકલ સિસ્ટમ છે. જેના કારણે તે હબલ સ્પેસ ટેલિસ્કોપથી ૧૦ ગણા વધારે શાર્પ ઈમેજ પ્રોડ્યુસ કરી શકે છે. લેજર આધારિત ઓપ્ટિકલની મદદથી ટેલિસ્કોપ વાતાવરણમાં રહેલી દરેક પ્રકારની શક્યતાને ચકાસી શકે છે. અન્ય અનેક પ્રકારની પણ એવી શોધ ચાલી રહી છે જે દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# શિવાજી મહારાજના ૧૨ કિલ્લાઓનો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો

। મુંબઇ, તા.૧૨ ।

મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં ફેલાયેલા પસંદ કરેલા સ્થળોમાં મહારાષ્ટ્રમાં સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા, વિજયદુર્ગ અને સિંધુદુર્ગ તેમજ તમિલનાડુમાં ગિન્ગી કિલ્લોનો સમાવેશ થાય છે.શિવનેરી કિલ્લો, લોહગઢ, રાયગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા કિલ્લો, વિજયદુર્ગ, સિંધુદુર્ગ અને ગિન્ગી કિલ્લો ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ હેઠળ સુરક્ષિત છે, જ્યારે સાલ્હેર કિલ્લો, રાજગઢ, ખંડેરી કિલ્લો અને પ્રતાપ ગઢ મહારાષ્ટ્ર સરકારના પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક દ્વારા સુરક્ષિત છે. દરિયાકાંઠાની ચોકીઓથી લઈને પહાડી કિલ્લાઓ સુધીના વિવિધ ભૂપ્રદેશોમાં સ્થિત, આ કિલ્લાઓ ભૂગોળ અને વ્યૂહાત્મક સંરક્ષણ આયોજનની સુસંસ્કૃત સમજણને પ્રતિબિંબિત કરે છે. સાથે મળીને, તેઓ એક સુવ્યવસ્થિત લશ્કરી લેન્ડસ્કેપ બનાવે છે, જે દેશમાં કિલ્લા નિર્માણ પરંપરાઓના નવીનતા અને પ્રાદેશિક અનુકૂલનને પ્રકાશિત કરે છે.સાલ્હેર, શિવનેરી, લોહાગઢ, રાયગઢ, રાજગઢ અને ગિંગી પર્વતીય વિસ્તારોમાં આવેલા છે અને તેથી તેમને પર્વતીય કિલ્લા કહેવામાં આવે છે. ગાઢ જંગલોમાં વસેલો પ્રતાપગઢ, પર્વતીય વન કિલ્લો તરીકે વર્ગીકૃત થયેલ છે. ઉચ્ચપ્રદેશની ટેકરી પર સ્થિત પન્હાલા, પર્વતીય કિલ્લો છે. દરિયા કિનારે સ્થિત વિજયદુર્ગ એક નોંધપાત્ર દરિયાકાંઠાનો કિલ્લો છે, જ્યારે સમુદ્રથી ઘેરાયેલા ખંડેરી, સુવર્ણદુર્ગ અને સિંધુદુર્ગને ટાપુ કિલ્લા તરીકે ઓળખવામાં આવે છે.

## હિમાચલ પ્રદેશમાં આ વખતે ચોમાસુ વિનાશની નવી વાર્તા લખી રહ્યું છે

# હિમાચલમાં હિમતાંડવ, ૯૦થી વધુના મોત, ૪૩૨ મકાનોની જળસમાધિ અને કરોડોનું નુકસાન

**હવામાન વિભાગે ૧૭ જુલાઈ સુધી રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ અને ૧૩ જુલાઈએ ઓરેન્જ એલર્ટ જારી કર્યું । પરિસ્થિતિ એટલી ગંભીર છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત ૨૨૩ રસ્તાઓ હજુ પણ બંધ છે**

। શિમલા, તા.૧૨ ।

હિમાચલ પ્રદેશમાં આ વખતે ચોમાસુ વિનાશની નવી વાર્તા લખી રહ્યું છે. સતત ભારે વરસાદે અત્યાર સુધીમાં ૯૧ લોકોના જીવ લીધા છે, ૪૩૨ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે અને લગભગ ૭૪૯ કરોડ રૂપિયાની સંપત્તિને નુકસાન થયું છે. રાહતની વાત એ છે કે આજે હવામાન અમુક અંશે સ્વચ્છ રહ્યું, પ રંતુ તેમ છતાં રાજ્યના ઘણા ભાગોમાં હળવો વરસાદ નોંધાયો.હવામાન વિભાગે ૧૭ જુલાઈ સુધી રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદનું યલો એલર્ટ અને ૧૩ જુલાઈએ ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત ૨૨૩ રસ્તાઓ હજુ પણ બંધ છે. મંડી, કાંગડા, શિમલા અને સિરમૌર જેવા જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત છે. શુક્રવારે સવારે ચંબામાં ભૂકંપના આંચકાએ ભય અને અનિશ્ચિતતા વધારી દીધો. જોકે



મોટાભાગના વિસ્તારોમાં હવામાન સ્વચ્છ રહ્યું, પરંતુ કેટલાક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો. શિમલાના જુબ્બરહટ્ટીમાં ૪૭ મીમી અને નારકંડામાં ૧૨ મીમી વરસાદ પડ્યો. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે ૧૨ જુલાઈએ શિમલા, સોલન અને સિરમૌરમાં ભારે વરસાદ પડી શકે છે, જ્યારે ૧૩ જુલાઈએ રાજ્યના ઘણા વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ લાગુ રહેશે. ૧૭ જુલાઈ સુધી ભારે વરસાદની શક્યતા છે.

રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્ર અનુસાર, હજુ પણ ભૂસ્ખલન અને કાટમાળને કારણે ૨૨૩ રસ્તાઓ (એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત) બંધ છે. આ ઉપરાંત, ૧૫૧ ટ્રાન્સફોર્મર અને ૮૧૫ પીવાના પાણીની યોજનાઓ ઠપ્પ થઈ ગઈ છે. મંડી જિલ્લામાં પરિસ્થિતિ સૌથી ખરાબ છે, જ્યાં ૧૬૬ રસ્તાઓ, ૧૪૩ ટ્રાન્સફોર્મર અને ૨૦૪ પીવાના પાણીની યોજનાઓ બંધ પડી છે. કાંગડામાં ૬૦૩ પીવાના પાણીની યોજનાઓને અસર થઈ છે.આ ચોમાસામાં અત્યાર સુધીમાં ૯૧ લોકોના મોત થયા છે, જ્યારે ૩૪ લોકો ગુમ છે અને ૧૩૧ ઘાયલ થયા છે. કુદરતી આફતોને કારણે ૪૩૨ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જ્યારે ૯૨૮ ઘરોને આંશિક નુકસાન થયું છે. અત્યાર સુધીમાં રાજ્યને ૭૪૯ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે, જે દિવસ પસાર થવાની સાથે વધી રહ્યું છે.કુદરતી આફતોનો સામનો કરી રહેલા હિમાચલમાં, શુક્રવારે સવારે ચંબા જિલ્લામાં રિક્ટર સ્કેલ પર ૩.૫ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો. ભૂકંપ સવારે ૬:૨૩ વાગ્યે અનુભવાયો અને તેનું કેન્દ્ર જમીનથી ૫ કિલોમીટર ઊંડે હતું.

## છેલ્લા ૨૪ કલાકમાં પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના બે નેતાઓની હત્યા, હોબાળો મચી ગયો

। કોલકતા, તા.૧૨ ।

પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૨૪ કલાકમાં તૃણમૂલ કોંગ્રેસના બે નેતાઓની હત્યાએ રાજકીય ગલિયારામાં હલચલ મચાવી દીધી છે. એક તરફ શુક્રવારે માલદામાં ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી, જ્યારે બીજી તરફ, ગુરુવારે રાત્રે દક્ષિણ ૨૪ પરગણાના ભાંગર વિસ્તારમાં તૃણમૂલ નેતા રઝાક ખાનની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.માલદા જિલ્લાના અંગ્રેજી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના લક્ષ્મીપુર ગામમાં શુક્રવારે ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની તેમના જ એક રાજકીય સાથી દ્વારા હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, આઝાદ એક મિત્રના ઘરે જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપવા ગયો હતો. સ્થાનિક ટીએમસી નેતા મૈનુલ શેખ પર આઝાદને એક રૂમમાં બંધ કરીને તેને નિર્દયતાથી માર મારવાનો અને તીક્ષ્ણ હથિયારથી કાપીને તેની હત્યા કરવાનો આરોપ છે. એવું કહેવામાં આવ્યું હતું કે હત્યા સમયે આઝાદને ઘરની અંદર લાંબા સમય સુધી ત્રાસ આપવામાં આવ્યો હતો. બાદમાં તેનો મૃતદેહ મળી આવ્યો. પોલીસે મુખ્ય આરોપી મૈનુલ શેખની ધરપકડ કરી છે.મૈનુલ અગાઉ ઇંગ્લિશ બજાર પંચાયત સમિતિના સભ્ય રહી ચૂક્યા છે અને એક વખત કોંગ્રેસની ટિકિટ પર ગ્રામ પંચાયતની ચૂંટણી જીતી ચૂક્યા છે. બાદમાં તે ફરીથી ટીએમસીમાં જોડાયો.

## દિલ્હી-એનસીઆરમાં મુશળધાર વરસાદ લોકો માટે સમસ્યા બન્યો

# દેશમાં ૨૧ સ્થળોએ પૂરનો ભય; યુપી-બિહાર-બંગાળ અને આસામ-ઓડિશા નદીઓ પૂરમાં

**હવામાન વિભાગે ૧૬ જુલાઈ સુધી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી કરી । દિલ્હી-એનસીઆરમાં વરસાદ માટે નારંગી ચેતવણી પણ જારી કરવામાં આવી**

। નવીદિલ્હી, તા.૧૨ ।

દિલ્હી-એનસીઆરમાં મુશળધાર વરસાદ લોકો માટે સમસ્યા બન્યો. સૌથી ખરાબ પરિસ્થિતિ ગુરુગ્રામમાં હતી. દિલ્હીમાં ઓછામાં ઓછા ૨૦૦ સ્થળોએ લોકો ટ્રાફિક જામ સાથે સંઘર્ષ કરતા જોવા મળ્યા. એનસીઆરમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૧૧ લોકોનાં મોત થયા છે.

હવામાન વિભાગે ૧૬ જુલાઈ સુધી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદની આગાહી કરી છે. શુક્રવારે દિલ્હી-એનસીઆરમાં વરસાદ માટે નારંગી ચેતવણી પણ જારી કરવામાં આવી છે. દરમિયાન, વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ વચ્ચે, કેન્દ્રીય જળ આયોગે દેશભરના ૨૧ નદી દેખરેખ સ્થળોએ પૂર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આમાંથી ચાર ગંભીર



પૂરની સ્થિતિમાં છે. જો કે, અત્યાર સુધી કોઈ નદીએ તેના ઉચ્ચતમ પૂર સ્તરને તોડ્યો નથી. આસામ અને બિહારમાં ચાર સ્થળોએ પાણીનું સ્તર ખતરાના નિશાનને વટાવી ગયું છે.

આસામના ગોલાઘાટ જિલ્લામાં ધનસિરી નદી અને બિહારમાં બાગમતી અને ગંડક નદીઓ મુખ્ય નદીઓમાંની એક છે જ્યાં પાણીનું સ્તર ગંભીર રહ્યું છે અને કાં તો વધી રહ્યું છે અથવા સ્થિર થઈ ગયું છે. ૧૭ વધારાના સ્થળોએ સામાન્યથી ઉપર પૂરની સ્થિતિ જોવા મળી રહી છે, જ્યાં પાણીનું સ્તર ચેતવણી અને ભયના સ્તર વચ્ચે ફરતું રહે છે. આમાં આસામ, બિહાર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના નદી વિસ્તારોનો સમાવેશ થાય છે. આસામની પરિસ્થિતિ ચિંતાનો વિષય બની રહી છે, કારણ કે કચર, કરીમગંજ અને હેલાકાંડી જિલ્લામાં અનુક્રમે બરાક, કુશિયારા અને કટાખલ નદીઓ વધી રહી છે.

આ દરમિયાન, બિહારના રૂનિસૈદપુરમાં બાગમતી નદી અને બાસુઆમાં કોસી નદીનું પાણીનું સ્તર પણ વધી રહ્યું છે. જો કે, તે હજુ પણ ભયના સ્તરથી નીચે છે. ઉત્તર પ્રદેશના ફતેહગઢ, ગર્મુક્તેશ્વર અને કાચલા બ્રિજ સહિત ઘણા ગંગા મોનિટરિંગ સેન્ટરોએ ચેતવણી સ્તરથી ઉપર અહેવાલ આપ્યો છે. એલ્ગિનબ્રિજમાં ઘાઘરા નદી અને ખડ્ડામાં ગંડક નદી પર પણ નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

સીડબ્લ્યુસીએ એમ પણ કહ્યું કે ૧૩ રાજ્યોના ૨૫ જળાશયોમાં પાણીનો પ્રવાહ મર્યાદા જેટલો અથવા તેનાથી વધુ હોવાના અહેવાલ છે.

## સરકારે ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા માટે એક મોટું પગલું ભર્યું

# મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો પરથી 3,367 લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા

। મુંબઇ, તા.૧૨ ।

મહારાષ્ટ્ર સરકારે ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા માટે એક મોટું પગલું ભર્યું છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં જણાવ્યું હતું કે રાજ્યભરમાં ધાર્મિક સ્થળો પરથી કુલ ૩,૩૬૭ લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા છે. આમાંથી ૧,૬૦૮ લાઉડસ્પીકર એકલા મુંબઈમાંથી દૂર કરવામાં આવ્યા છે. ફડણવીસે કહ્યું કે આ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી છે. જેના કારણે કોઈ ધાર્મિક કે સાંપ્રદાયિક વિવાદ થયો નથી.મહારાષ્ટ્રમાં લાંબા સમયથી લાઉડસ્પીકરના કારણે થતા ધ્વનિ પ્રદૂષણની ફરિયાદો આવી રહી હતી. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર, ધાર્મિક સ્થળોએ રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ છે. દિવસ દરમિયાન મહત્તમ મર્યાદા ૫૫ ડેસિબલ અને રાત્રે ૪૫ ડેસિબલ નક્કી કરવામાં આવી છે. ફડણવીસે કહ્યું કે પોલીસને નિયમોનું કડક પાલન કરાવવાની સૂચના આપવામાં આવી છે. જો કોઈ ધાર્મિક સ્થળ પરવાનગી વિના ફરીથી લાઉડસ્પીકર લગાવે છે, તો તેના માટે સંબંધિત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જવાબદાર રહેશે.મુખ્યમંત્રીએ કહ્યું કે અવાજ માપવા માટે તમામ પોલીસ સ્ટેશનોમાં અવાજ મીટર ઉપલબ્ધ છે. સ્થાનિક પોલીસ નિરીક્ષકોને ધાર્મિક સ્થળોએ નિયમિત તપાસ કરવાનો અને ઉલ્લંઘનના કિસ્સામાં મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જાણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વારંવાર ઉલ્લંઘન કરનારાઓના લાઉડસ્પીકર જપ્ત કરવામાં આવશે અને તેમની પરવાનગી પણ રદ કરવામાં આવશે.ભાજપના ધારાસભ્યોએ વિધાનસભામાં ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યા બાદ આ કાર્યવાહી વધુ તીવ્ર બની છે. તેમણે કહ્યું હતું કે લાઉડસ્પીકરમાંથી નીકળતો અવાજ બીમાર, વૃદ્ધો અને રાત્રિ શિફ્ટમાં કામ કરતા લોકો માટે મુશ્કેલી ઊભી કરી રહ્યો છે. બોમ્બે હાઈકોર્ટના જાન્યુઆરીના આદેશને ટાંકીને, તેઓએ નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.

## ન્યૂઝ બ્રિફ



### ઉર્વશી ધોળકિયા પીડાદાયક ભૂતકાળને ભૂલીને એકલા પોતાના બાળકોનો ઉછેર કરી રહી છે

। મુંબઇ, તા.૧૨ ।

ટીવીની જાણીતી અભિનેત્રી અને પ્રખ્યાત ખલનાયક ઉર્વશી ધોળકિયાને કોઈ પરિચયની જરૂર નથી. તેણીએ જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, પરંતુ આજ સુધી હિંમત હાર્યા નથી. ૬ વર્ષની ઉંમરે અભિનયની દુનિયામાં પ્રવેશ કરનારી ઉર્વશીએ ખલનાયકની ભૂમિકા ભજવીને ઘણી લોકપ્રિયતા મેળવી છે. તેણી ટોચની ટીવી હિરોઈનોની યાદીમાં સામેલ છે. આ અભિનેત્રીએ નાની ઉંમરે લગ્ન કર્યા અને પછી માતા બની. નાના પડદા પર તેના દમદાર અભિનય અને વાસ્તવિક જીવનમાં તેના લુક માટે તે સમાચારમાં રહે છે. એકતા કપૂરની 'કસૌટી જિંદગી કી'માં કોમોલિકાની નકારાત્મક ભૂમિકા ભજવવા બદલ તેણીને ઓળખ મળી.ટીવી સિરિયલો ઉપરાંત, ઉર્વશી સલમાન ખાનના શો 'બિગ બોસ'નો પણ ભાગ હતી, જેમાં તે વિજેતા બની હતી. ઉર્વશી ધોળકિયાની માતા પંજાબી છે અને પિતા ગુજરાતી છે. તે બાળપણથી જ નાના પડદા સાથે જોડાયેલી છે. તેણી પહેલી વાર ૬ વર્ષની ઉંમરે એક જાહેરાતમાં બાળક તરીકે ટીવી પર દેખાઈ હતી. એટલું જ નહીં, તે દૂરદર્શનની ટીવી શ્રેણી 'શ્રીકાંત'માં બાળ કલાકાર તરીકે પણ દેખાઈ હતી. આમાં તેણીએ રાજલક્ષ્મીનું પાત્ર ભજવ્યું હતું. તે પહેલી વાર દૂરદર્શનની 'દેખ ભાઈ દેખ'માં શિલ્પાની મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી. ઉર્વશીના અંગત જીવન વિશે વાત કરીએ તો, તે ખૂબ જ પીડાદાયક રહ્યું છે, તેણીએ ૧૬ વર્ષની ઉંમરે લગ્ન કર્યા હતા અને પછી ૧૮ વર્ષની ઉંમરે છૂટાછેડા લીધા હતા. ૧૭ વર્ષની ઉંમરે, તે બે બાળકોની માતા બની હતી. તેણીએ સિંગલ મધર તરીકે બાળકોને ઉછેર્યા હતા.

### પટણામાં મીની માર્ટ માલિકની હત્યા, દુકાનની સામે બાઇક પર સવાર ત્રણ ગુનેગારોએ જીવ લીધો

। પટણા, તા.૧૨ ।

રાજધાની પટણામાં ફરી એકવાર ગુનેગારોએ લોહિયાળ ગુનો કર્યો છે. આ મામલો પટણાના રામકૃષ્ણ નગર પોલીસ સ્ટેશન વિસ્તારના પૂર્વ આસુચકનો છે, જ્યાં ગુનેગારોએ શુક્રવારે મોડી રાત્રે એક દુકાનદારની ગોળી મારીને હત્યા કરી હતી. મૃતકની ઓળખ તૃષ્ણા મીની માર્ટના માલિક વિક્રમ કુમાર ઝા તરીકે થઈ હતી.વિક્રમ ઝા દરભંગાના લહેરિયાસરાયના રહેવાસી હતા. તેઓ પટણાના રામકૃષ્ણ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાડાના મકાનમાં પત્ની અને બાળક સાથે રહેતા હતા અને પોતાનું ગુજરાન ચલાવવા માટે કરિયાણાની દુકાન ચલાવતા હતા. સ્થાનિક લોકો તેમને ઘાયલ હાલતમાં સારવાર માટે પટણા એનએમસીએચ લઈ ગયા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સારવાર દરમિયાન, ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા. ઘટના બાદ નજીકના લોકોમાં ગભરાટનું વાતાવરણ છે. પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ નજીકમાં લગાવેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે. સદર એસડીપીઓ ૨ સત્યકામ અને નજીકના અનેક પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરૂ કરી છે.

## દિલ્હીના સ્વાગત વિસ્તારમાં ચાર માળની ઇમારત ધરાશાયી; ૪ લોકોના મોત

। નવીદિલ્હી, તા.૧૨ ।

દિલ્હીના સીલમપુર વિસ્તારમાં એક હૃદયદ્રાવક અકસ્માત થયો છે. અચાનક અહીં ચાર માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. કાટમાળ નીચેથી આઠ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા છે. તેમને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. હાલમાં પોલીસ, ફાયર બ્રિગેડ અને એનડીઆરએફની ટીમો રાહત અને બચાવ કાર્યમાં લાગી ગઈ છે. સ્થાનિક લોકો કાટમાળ દૂર કરવામાં મદદ કરી રહ્યા છે.હાલમાં ચાર લોકોના મોત થયા છે, પોલીસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી, થોડા સમય પહેલા કાટમાળમાંથી એક મહિલા અને એક પુરુષના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. દિલ્હી પોલીસ, ફાયર વિભાગ એનડીઆરએફ, મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત તમામ બચાવ ટીમો ઘટનાસ્થળે હાજર છે, સ્થાનિક લોકોની મોટી ભીડ ઘટનાસ્થળે એકઠી થઈ ગઈ છે.પોલીસના જણાવ્યા અનુસાર, આજે સવારે લગભગ ૭.૦૪ વાગ્યે વેલકમ નજીક ચાર માળની ઈમારત ધરાશાયી થવાનો ફોન આવ્યો હતો.

## ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં વાહન ખાડામાં પડી ગયું, ૭ લોકોના મોત

। પેશાવર,તા.૧૨ ।

ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં એક વાહન અકસ્માતનો ભોગ બન્યું છે. હેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત શુક્રવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયો હતો. રસ્તા પર ચાલતું વાહન અચાનક કોઈ કારણોસર સંતુલન ગુમાવી બેઠું અને ખાડામાં પડી ગયું. આ કારણે ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા અને બે ઘાયલ થયા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કુર્રમ જિલ્લાના ગાંધલ વિસ્તારમાં બની હતી.

## નીતિશ સરકાર ૧૦૦ યુનિટ વીજળી મફત આપવાની તૈયારી કરી રહી છે

। પટણા, તા.૧૨ ।


બિહારમાં વિધાનસભાની ચૂંટણીને હજુ થોડા મહિના બાકી હોવા છતાં, રાજ્યમાં રાજકીય તાપમાન વધવા લાગ્યું છે. તમામ પક્ષો પહેલાથી જ લોકો વચ્ચે જવા અને તેમના વચનોથી તેમને આકર્ષવાનો પ્રયાસ શરૂ કરી ચૂક્યા છે. આ બધા વચ્ચે, બિહાર સરકારે ચૂંટણી પહેલા બિહારના લોકોને એક મોટા ખુશખબર આપવાનો નિર્ણય લીધો છે. સરકાર રાજ્યમાં ૧૦૦ યુનિટ વીજળી મફત આપવાની તૈયારી કરી રહી છે. આ અંગે, ઉર્જા વિભાગે એક પ્રસ્તાવ પણ તૈયાર કરીને નાણા વિભાગને મોકલી દીધો છે.રાજ્ય સરકારના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા નીરજ કુમારે કહ્યું છે કે બિહારમાં એનડીએ સરકારનો આ એક મોટો નિર્ણય છે. તેમણે કહ્યું કે સરકારના આ પગલાં સ્વાગતપાત્ર છે. વિપક્ષ આવા નિર્ણયો પર રાજકારણ કરી શકે છે પરંતુ આ જન કલ્યાણનું કાર્ય છે. આ નિર્ણય રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગને મોટી રાહત આપવા જઈ રહ્યો છે.તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા નીતીશ સરકારે સરકારી નોકરીઓ અંગે એક મોટી જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે કહ્યું હતું કે બિહારની મહિલાઓને જ ૩૫ ટકા અનામત આપવામાં આવશે. એટલે કે, મહિલા અનામતમાં ડોમિસાઈલની જોગવાઈ કરવામાં આવી છે. કોઈપણ સરકારી નોકરીની સીધી ભરતીમાં, બિહારની મહિલા ઉમેદવારો માટે ૩૫% બેઠકો અનામત રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે બિહાર કેબિનેટની બેઠકમાં યુવા આયોગની રચના સહિત કુલ ૪૩ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી.

**ભારત માટે ખતરો** | **નેપાળી રાષ્ટ્રપતિના સલાહકાર સુનીલ બહાદુર થાપાએ ચેતવણી આપી છે કે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો ભારત માટે ગંભીર ખતરો**

# પાકિસ્તાની આતંકવાદીઓ નેપાળ દ્વારા ભારત પર હુમલો કરી શકે

। કાઠમંડુ, તા.૧૨ ।

નેપાળી રાષ્ટ્રપતિના સલાહકાર સુનીલ બહાદુર થાપાએ ચેતવણી આપી છે કે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો ભારત માટે ગંભીર ખતરો છે. થાપાએ કહ્યું કે પાકિસ્તાની આતંકવાદીઓ ભારત પર હુમલો કરવા માટે નેપાળના માર્ગોનો ઉપયોગ કરી શકે છે. તેમણે ૯ જુલાઈના રોજ કાઠમંડુમાં નેપાળ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ પાર્ટનરશિપ દ્વારા આયોજિત ઉચ્ચ સ્તરીય સેમિનાર દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી. આ કાર્યક્રમ દક્ષિણ એશિયામાં આતંકવાદના ખતરાનો સામનો કરવા પર કેન્દ્રિત હતો. સેમિનારમાં અગ્રણી



પ્રાદેશિક નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓએ હાજરી આપી હતી.

સુનિલ બહાદુર થાપા ઉપરાંત, સેમિનારમાં અન્ય વક્તાઓએ જણાવ્યું હતું કે ભારતમાં આતંકવાદી હુમલાઓ નેપાળને પણ અસર કરે છે, જે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને નુકસાન પહોંચાડે છે. વક્તાઓએ આતંકવાદને પાકિસ્તાનના સમર્થનને જીછછઈઝ ની અસરકારકતા અને વ્યાપક પ્રાદેશિક એકીકરણમાં મોટો અવરોધ ગણાવ્યો હતો. સેમિનારમાં આતંકવાદ વિરોધી સહયોગને મજબૂત બનાવવા વિનંતી કરવામાં આવી હતી, જેમાં મની લોન્ડરિંગ સામે કડક કાર્યવાહી, ગુપ્ત માહિતી શેરિંગ અને ભારત સાથેની સરહદ પર સંયુક્ત પેટ્રોલિંગનો સમાવેશ થાય છે. તેણે પ્રાદેશિક શક્તિઓને આતંકવાદનો સામનો કરવામાં બેવડા ધોરણો અપનાવવાનું ટાળવા પણ હાકલ કરી હતી.

પહલગામમાં આતંકવાદી હુમલા પછી, ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. સેમિનારમાં હાજર રહેલા લોકોએ ભારતના આ પગલાને સરહદપારથી થતા ખતરા સામે મજબૂત અને અસરકારક પ્રતિભાવ ગણાવ્યો. સેમિનારમાં કહેવામાં આવ્યું હતું કે આઈસી-૮૧૪ હાઈજેકિંગ અને લશ્કર-એ-તૈયબાના નેતૃત્વ હેઠળના પહેલગામ હુમલા જેવી ઘટનાઓને કારણે નેપાળ હજુ પણ અસુરક્ષિત છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં એક નેપાળી નાગરિક સહિત ૨૬ નાગરિકો માર્યા ગયા હતા.

# ઈરાનનો હવે કતાર પર હુમલો, અમેરિકાની વાયુ સેનાનું કોમ્યુનિકેશન સેન્ટર નષ્ટ કર્યું





કતાર : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ગત મહિને સર્જાયેલા ભીષણ યુદ્ધમાં થયેલા નુકસાનનો ખુલાસો ધીમે ધીમે થઈ રહ્યો છે. ઈરાને આજે એક વીડિયો રજૂ કરી દાવો કર્યો હતો કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત યુએસ કોમ્યુનિકેશન ફેસિલિટીને નષ્ટ થઈ હતી.ભારતમાં ઈરાનની એમ્બેસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વીડિયો રજૂ કરી જણાવ્યું હતું કે, સેટેલાઈટ ઈમેજ દર્શાવે છે કે, ઈરાને ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત અમેરિકાની સેનાના પ્રાઈમરી કોમ્યુનિકેશન્સ રેડોમને નષ્ટ કર્યું હતું. તેનું બીજુ રેડોમ કુવૈત આવેલું છે. ઉલ્લેખનીય છે, ઈરાનના દાવા પર કતાર કે અમેરિકાએ કોઈ નિવેદન આપ્યું નથી. અમેરિકાએ ગતમહિને બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કરી ઈરાનના ત્રણ પરમાણુ મથકોને ટાર્ગેટ બનાવ્યા હતાં. જેના જવાબમાં ઈરાને કતાર સ્થિત અમેરિકાના એરબેઝ પર હુમલો કર્યો હતો.ઈરાન ઈન્ટરનેશનલ અનુસાર, ખાનગી સેટેલાઈટ કંપની સેટેલોજિક દ્વારા ૨૪ જૂનના રોજ રજૂ કરવામાં આવેલી તસવીરોમાં રેડોમને નુકસાન થયુ હોવાનું સ્પષ્ટપણે દેખાય છે. અલ ઉદૈદ એરબેઝમાં સ્થિત આ રેડોમ એડવાન્સ્ડ જિયોડેસિક સ્ટ્રક્ચરમાં સ્થાપિત સંવેદનશીલ કોમ્યુનિકેશન્સ ઈક્વિપમેન્ટ છે. જે મધ્ય-પૂર્વમાં અમેરિકન સૈન્યની સૌથી મોટી સુવિધા છે. જેનો ઉપયોગ યુએસ સેન્ટ્રલ કમાન્ડ (ઝઈદ્ગઝંર)ના હેડક્વાર્ટરને ગુપ્ત અને સુરક્ષિત સંદેશાઓ પહોંચાડવા માટે થાય છે.

## ક્રિતી-રશ્મિકાની કોકટેલ ટુનું શૂટિંગ આવતા મહિનેથી શરૂ



। મુંબઇ, તા.૧૨ ।

'કોકટેલ ટુ'નું શૂટિંગ આવતા મહિનેથી શરુ થવાનું છે. મૂળ 'કોકટેલ' ફિલ્મમાં સૈફ અલી ખાન અને દીપિકા પદુકોણ તથા ડાયના પેન્ટીની ભૂમિકાઓ હતી. હવે 'કોકટેલ' ટૂમાં સૈફવાળી ભૂમિકા શાહિદ કપૂર કરવાનો છે. તેની સાથે બે હિરોઈનો તરીકે ક્રિતી સેનન અને રશ્મિકા મંદાના હશે. જોકે, ક્રિતી અને રશ્મિકા બંનેમાંથી દીપિકાવાળી ભૂમિકા કોણ કરવાનું છે કે અંગે અટકળો છે. થોડા દિવસો પહેલાં ક્રિતી આ ફિલ્મની ટીમ સાથે જોવા મળી હતી. તે પ પરથી તેણે શૂટિંગની તૈયારીઓ શરુ કરી દીધો હોવાનું માનવામાં આવે છે. ક્રિતીએ હાલમાં જ ધનુષ સાથેની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. તે પછી તે થોડા દિવસો સુધી આરામ કરશે અને ઓગસ્ટ મહિનાથી 'કોકટેલ ટુ'ના શૂટિંગમાં જોતરાઈ જશે એમ જાણવા મળે છે. 'કોકટેલ ટુ'નું શૂટિંગ આવતા મહિનેથી શરુ થવાનું છે. મૂળ 'કોકટેલ' ફિલ્મમાં સૈફ અલી ખાન અને દીપિકા પદુકોણ તથા ડાયના પેન્ટીની ભૂમિકાઓ હતી. હવે 'કોકટેલ' ટૂમાં સૈફવાળી ભૂમિકા શાહિદ કપૂર કરવાનો છે. તેની સાથે બે હિરોઈનો તરીકે ક્રિતી સેનન અને રશ્મિકા મંદાના હશે. જોકે, ક્રિતી અને રશ્મિકા બંનેમાંથી દીપિકાવાળી ભૂમિકા કોણ કરવાનું છે કે અંગે અટકળો છે.

### ડોનાલ્ડ ટ્રમ્પના વહિવટી તંત્રએ વિદેશ વિભાગમાં મોટાપાયે છટણી કરી

## અમેરિકાએ વિદેશ વિભાગમાંથી ૧૩૦૦ કર્મીને નોકરીમાંથી હાંકી કાઢ્યા । હજુ ૬૦૦ જેટલા ઉપર લટકતી તલવાર!!

**૨૪૦ વિદેશી સેવા અધિકારી અને ૧૧૦૭ સરકારી કર્મીને નોકરીમાંથી હાંકી કઢાયા । ટ્રમ્પ તંત્રના અણઘડ નિર્ણયની ચોતરફ ટીકા શરૂ । વિપક્ષો આ નિર્ણયની કડક શબ્દોમાં ટીકા કરી રહ્યા છે**

। વોશિગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહિવટી તંત્રએ વિદેશ વિભાગમાં મોટાપાયે છટણી કરી છે. અમેરિકાની નીતિ હેઠળ વિદેશ વિભાગમાંથી ૧૩૦૦ રાજદ્વારીઓ અને સરકારી કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકાયા છે. આમાં ૨૪૦ વિદેશી સેવા અધિકારી અને ૧૧૦૭ સરકારી કર્મીને નોકરીમાંથી હાંકી કઢાયા છે. ટ્રમ્પ તંત્રના અણઘડ નિર્ણયની ચોતરફ ટીકા શરૂ થઈ ગઈ છે. વિપક્ષો આ નિર્ણયની કડક શબ્દોમાં ટીકા કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ અમેરિકાએ વધુ ૬૦૦ કર્મચારીઓને હાંકી કાઢવાની યોજના બનાવી છે.વોશિંગ્ટન પ ોસ્ટમાં આ માહિતી આપવાની સાથે કહેવાયું છે કે, 'અમેરિકન વિદેશ વિભાગ છટણીની યોજનાને 'ડ્રાસ્ટિક પુર્નગઠન' ગણાવી રહ્યું છે. ટ્રમ્પ તંત્રએ બજેટ ઘટાડવા તેમજ વિભાગને વધુ કાર્યક્ષમ બનાવવા આ નિર્ણય લીધો છે. મોટાપાયે છટણીની યોજના સામે આવ્યા બાદ વિપક્ષો કડક શબ્દોમાં ટીકા કરી રહ્યા છે. રાજદ્વારી અને પૂર્વ કર્મચારીઓ વિદેશ વિભાગના નિર્ણયને 'વિદેશ નીતિમાં અસ્થિરતા' ઉભી કરવાનું પગલું ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે, મોટાપ્રમાણમાં



છટણીની કાર્યવાહી અમેરિકાની આંતરરાષ્ટ્રીય છબી ખરડાવાની સાથે કામકાજ પર અસર પડી શકે છે.પૂર્વ રાજદ્વારીઓએ છટણીના નિર્ણયને 'સંસ્થાકીય અનુભવની બરબાદી' ગણાવી છે. અમેરિકન કોંગ્રેસમાં ડેમોક્રેટ્સે વિદેશ વિભાગના નિર્ણયની ટીકા કરી છે. જ્યારે રિપબ્લિકન નેતાઓએ પણ ચિંતા વ્યક્ત કરી વિદેશ નીતિને અસર થવાની સંભાવના વ્યક્ત કરી છે. કોંગ્રેસે હાઉસ ફોરેન અફેયર્સ કમિટીમાં છટણી મામલે સુનાવણી કરવાની માંગ કરી છે. બીજીતરફ હાંકી કઢાયેલા કર્મચારીઓને સમર્થન આપવા સપોર્ટ ગ્રૂપ અને એનજીઓ સક્રિય થઈ ગયા છે.અમેરિકન વિદેશ વિભાગે કહ્યું છે કે, કેટલાક પદો કોન્ટ્રાક્ચ્યુઅલ કરી દેવામાં આવશે. રિપોર્ટ મુજબ લગભગ ૩૦૦થી વધુ વિભાગોને અને કાર્યલયોને મર્જ કરવામાં આવ્યા છે, અથવા તો બંધ કરી દેવાયા છે. સરકારનો અંદાજો છે કે, આ છટણીના કારણે લગભગ ૧૫-૧૮ ટકા ખર્ચ ઘટશે. લગભગ ૧૯૦૦ કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવાઈ છે, જેમાં હાલ ૧૩૦૦ કર્મચારીઓની છટણી કરવામાં આવી છે. આવનારા સમયમાં વધુ ૬૦૦ લોકોની છટણી કરવામાં આવશે. ટ્રમ્પ તંત્રએ શેડ્યૂલ-હ્લ નિયમનો ઉપયોગ કરીને ડીઈઆઈ સંબંધીત અનેક નોકરીઓ ખતમ કરી નાખી છે. બીજીતરફ સુપ્રીમ કોર્ટે પણ ટ્રમ્પ તંત્રના નિર્ણયને કાયદેસર ગણાવ્યો છે.

### ગેરકાયદે વસાહતી અને ઈમિગ્રેશન અધિકારીઓ વચ્ચે ઘર્ષણ

## અમેરિકામાં દરોડાં પાડવા પહોંચેલા ઈમિગ્રેશન અધિકારી પર હુમલો

**અધિકારીની કાનપટ્ટી પર બંદૂક મૂકીને ધમકી આપનારો ફરાર : આરોપીના માથા સાટે ૫૦ હજાર ડોલરનું ઈનામ**

। કેમારિલ્લો,, તા.૧૨ ।

અહીંના કેનાબિસ-ફાર્મમાં કામ કરતા વસાહતીઓને શોધી શોધી દેશ નિકાલ કરવાની ઝુંબેશના ભાગરૂપે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેટ (ૈંઝઈ) વિભાગના અધિકારીઓ પહોંચ્યા ત્યારે તેમનો વિરોધ કરનારા પૈકી એકે 'આઈસ' અધિકારી સમક્ષ બંદૂક તાકતાં તે અધિકારી જરા અટકી રહ્યો પરંતુ તે પછી તુર્તજ તે બંદૂક તાકનાર ત્યાંથી નાસી છૂટયો હતો. સત્તાવાળાઓએ તેની માહિતી આપ નારને ૫૦,૦૦૦ ડોલરનું ઈનામ જાહેર કર્યુ છે. તેની પાછળ સર્ચ વોરંટ પણ જાહેર કરી દીધું છે.અહીંના કેનાબિસ ફાર્મ ઉપર ગેરકાયદે વસાહતીઓને પ કડવાની રેઈડ પડવાની છે તે જોતા સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી, વાતાવરણમાં ગરમી વ્યાપી ગઈ હતી. આ અંગેના એરિઅલ ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે આઈસ અધિકારીઓને લઈ આવતા વાહનને લોકોએ ઘેરી લીધું હતું. આ ઘેરો એટલો જબ્બર થતો ગયો કે લોકોને વિખેરવા પોલીસ અને આઈસ અધિકારીઓને 'સ્મોક કેનિસ્ટર્સ' (ધુમાડો કાઢે તેવા નળાકાર ડબ્બાઓ) છોડવા પડયા હતા. પરિણામે નાસભાગ થઈ ગઈ હતી, અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી ત્યાં સુધીમાં આ દરોડા ચોથા કલાકમાં પ્રવેશી ચુક્યા હતા.સમગ્ર એરિયા 'તાળાબંધ' કરી દેવાયો. સ્થાનિક પોલીસની સાથે નેશનલ ગાર્ડઝ પણ જોડવા પડયા હતા. તેમાંએ જ્યારે આઈસ વિરોધી દેખાવકારો પૈકીના એકે આઈસના અધિકારી સામે બંદૂક તાકી ત્યારે પરિસ્થિતિ અત્યંત તંગદિલી ભરી બની ગઈ હતી.તંગદિલી અત્યંત વધી રહેતાં પોલીસે સમગ્ર વિસ્તાર 'લોક-ડાઉન' (તાળાબંધ) જાહેર કર્યો તેમજ તે વિસ્તારમાં જતા તમામ માર્ગો પણ બંધ કરી દીધા હતા. આ તરફ ઓઈસ-એજન્ટ્સ ઉપર થતા હુમલામાં ૭૦૦ ટકાનો વધારો થયો છે. લોકો પાગલ સમાન બની ગયા છે. વધુને વધુ લોકોની ધરપકડ કરવી પડે તેવો વખત આવી ગયો છે. જોકે હવે ફેડરલ ગવર્નમેન્ટ જરા નરમ થઈ છે. ડીપોર્ટેશન રેઈડસની સંખ્યા ઘટી રહી છે.આ ઘટના (બંદૂક તાકવાની ઘટના) અંગે આઈસ દ્વારા જારી કરાયેલા મેસેજમાં કહેવામાં આવ્યું હતું કે, આ ઘણી ડેન્જરસ બાબત છે, પરંતુ વિશ્લેષકો કહે છે કે હવે ગેરકાયદે વસાહતીઓ જીવ ઉપર આવી ગયા છે.

## તૃપ્તિએ સેમ સાથેના સંબંધો લગભગ ઓફિશિયલ કરી દીધા



। મુંબઇ, તા.૧૨ ।

તૃપ્તિ ડિમરી અને તેના બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટના સંબંધો આમ તો જગજાહેર છે. જોકે, તૃપ્તિએ હવે સોશિયલ મીડિયા પર તેમના સંબંધો લગભગ ઓફિશિયલ કરી દીધા છે. તૃપ્તિએ તાજેતરમાં પોતાના ગોવાના વેકેશનના ફોટા પોસ્ટ કર્યા છે. તેમાં તેણે સેમને ટેગ પણ કર્યો છે. તૃપ્તિ ગોવામાં સેમની માલિકીના જ એક રિસોર્ટમાં હોવાનું અનુમાન છે. તૃપ્તિએ શેર કરેલા ફોટા સેમ મર્ચન્ટે પણ રિપોસ્ટ કર્યા છે. જોકે, બંનેએ પોતાનો કોઈ કપલ ફોટો શેર કર્યો નથી. તૃપ્તિ અને સેમ આ પહેલાં પણ ભારતમાં તથા વિદેશમાં પણ સાથે વેકેશન માણવા જઈ આવ્યાં છે. બંને એકબીજાના ઘરના પ્રસંગોમાં પણ હાજરી આપવા લાગ્યાં છે. તે પરથી બંનેના પરિવારોએ આ સંબંધ માટે સંમતિ આપી દીધી હોવાનું મનાય છે. તૃપ્તિ ડિમરી અને તેના બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટના સંબંધો આમ તો જગજાહેર છે. જોકે, તૃપ્તિએ હવે સોશિયલ મીડિયા પર તેમના સંબંધો લગભગ ઓફિશિયલ કરી દીધા છે. તૃપ્તિએ તાજેતરમાં પોતાના ગોવાના વેકેશનના ફોટા પોસ્ટ કર્યા છે. તેમાં તેણે સેમને ટેગ પણ કર્યો છે. તૃપ્તિ ગોવામાં સેમની માલિકીના જ એક રિસોર્ટમાં હોવાનું અનુમાન છે. તૃપ્તિએ શેર કરેલા ફોટા સેમ મર્ચન્ટે પણ રિપોસ્ટ કર્યા છે. જોકે, બંનેએ પોતાનો કોઈ કપલ ફોટો શેર કર્યો નથી. તૃપ્તિ અને સેમ આ પહેલાં પણ ભારતમાં તથા વિદેશમાં પણ સાથે વેકેશન માણવા જઈ આવ્યાં છે.

## અજય દેવગણની ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'નું ધમાકેદાર ટ્રેલર આઉટ, એક સીનમાં 'બોર્ડર'ની પણ ઝલક

। મુંબઇ, તા.૧૧ ।

અજય દેવગણની વર્ષ ૨૦૨૫ની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સન ઓફ સરદાર ૨' ૨૫ જૂનના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં મૃણાલ ઠાકુર, રવિ કિશન, સંજય મિશ્રા, દીપક ડોબરિયાલ, ચંકી પાંડે, કુબ્રા સૈત, વિંદુ દારાસિંહ, મુકુલ દવે, શરત સક્સેના, અશ્વિની કાલસેકર, રોશની વાલિયા અને સાહિલ મેહતા જેવા કલાકારોની ટીમ છે. આ કોમેડી ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે.

તેમાં અનલિમિટેડ મનોરંજનની સાથે ખૂબ જ ડ્રામા જોવા મળી રહ્યો છે.ફિલ્મનું ટ્રેલર 'સન ઓફ સરદાર'ની રોલરકોસ્ટર રાઈડની યાદ અપાવે છે. સાથે સ્ટાર્સની મસ્તીથી ભરેલુ જીવન પણ દર્શાવાયુ છે. એક સીનમાં તો અજય સની દેઓલની બોર્ડર ફિલ્મની વાર્તા પણ સંભળાવતા જોવા મળી રહ્યો છે. જસ્સીની ભૂમિકામાં અજય ખૂબજ રોમાંચક દેખાઈ રહ્યો છે. તેના ડાઈલોગ્સથી ઓડિયન્સના જરૂર ખુશખુશાલ થઈ જશે.Jio સ્ટૂડિયોઝ અને દેવગન ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત અને દેવગન ફિલ્મ્સ અને 'SOS 2' લિમિટેડ દ્વારા નિર્મિત 'સન ઓફ સરદાર ૨' ૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. ટ્રેલર જોઈને ચાહકો સુપરએક્સાઈટેડ થઈ ગયા છે. એક યુઝરે લખ્યું, "અજય દેવગન ફરી એકવાર બ્લોકબસ્ટર માટે તૈયાર થઈ રહ્યો છે."

## અમેરિકાના ડેટ્રોઇટ શહેરમાં અંતિમ યાત્રા સમયે અચાનક હેલિકોપ્ટરમાંથી થયો નોટનો વરસાદ, લોકો પૈસા લેવા દોડ્યા

। ડેટ્રોઇટ, તા.૧૨ ।

અમેરિકાના ડેટ્રોઈટ શહેરમાં એક અનોખી ઘટના જોવા મળી હતી, જ્યાં એક વ્યક્તિના અંતિમ સંસ્કાર દરમિયાન આકાશમાંથી નોટોનો વરસાદ કરવામાં આવ્યો હતો. આ ઘટનાથી સ્થાનિક લોકો આશ્ચર્ય પામ્યા હતા અને કેટલાક લોકો પૈસા લૂંટવા દોડ્યા હતા. આ ઘટના ડેટ્રોઈટના ગ્રેટિયોટ એવન્યુ કોનોર સ્ટ્રીટની છે, જ્યાં કારવોશ ઉદ્યોગપ તિ ડેરેલ થોમસને તેમના મૃત્યુ પછી અંતિમ વિદાય આપવામાં આવી રહી હતી. ડેરેલનું મૃત્યુ અલ્ઝાઈમરની બીમારીના કારણે થયું હતું. તેમની ઈચ્છા હતી કે, તેમના અંતિમ સંસ્કાર દરમિયાન આકાશમાંથી નોટોનો વરસાદ થાય. તેમની આ ઈચ્છા પૂરી કરવા માટે પરિવારે હેલિકોપ્ટર દ્વારા લગભગ ઈ૫,૦૦૦ (લગભગ રૂ. ૪.૩૦ લાખ) ની રોકડ અને ગુલાબની પાંખડીઓ વરસાવી હતી.નોટોનો વરસાદ શરૂ થતાં જ ત્યાં હાજર શોકગ્રસ્ત લોકો અચાનક પૈસા લૂંટવા માટે દોડી ગયા. જેના કારણે રસ્તા પ રનો ટ્રાફિક થોડીવાર માટે બંધ થઈ ગયો અને લોકો પોતાની કારમાંથી નીચે ઉતરીને પૈસા વીણવા લાગ્યા હતા. પોલીસે કહ્યું કે, તેમને આ રોકડ વરસાદ વિશે જાણ કરવામાં આવી ન હતી, માત્ર ગુલાબની પાંખડીઓ ફેંકવાની પરવાનગી આપવામાં આવી હતી.આ અંગે ડેરેલના પુત્રએ કહ્યું કે, 'મારા પિતા ઈચ્છતા હતા કે તેઓ તેમના સમુદાયને થોડી આર્થિક મદદ કરે.' ડેરેલની ભત્રીજી ક્રિસ્ટલ પેરીએ પણ પુષ્ટિ આપી હતી કે, 'આમા કુલ $૫,૦૦૦ નું દાન કરવામાં આવ્યું હતું, જેમાં તેમના પુત્રએ પણ યોગદાન આપ્યું હતું. આ દરમિયાન કારવોશના કર્મચારી લિસાએ કહ્યું કે, દરેકને થોડાગણા પૈસા મળ્યા હતા.


**પાકિસ્તાનમાં સ્થિતિ ખરાબ** | **૫ થી ૧૬ વર્ષની વયના ૨ કરોડ ૫૩ લાખ જેટલા બાળકો શાળાએ જતાં જ નથી**

## પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી ૨ કરોડ ૫૩ લાખ બાળકો શાળાથી વંચિત

। ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી પ્રવર્તી રહી છે ત્યાં ૫ થી ૧૬ વર્ષની વયના ૨ કરોડ ૫૩ લાખ જેટલા બાળકો શાળાએ જતાં જ નથી, આ માહિતી આપતાં પાકિસ્તાનનું અગ્રીમ અંગ્રેજી વર્તમાનપત્ર 'ધી-ડોન' જણાવે છે કે દેશમાં ક્વોલિટી એજ્યુકેશન (ગુણવત્તાભર્યું શિક્ષણ) જેવું કશું રહ્યું જ નથી. માત્ર નોન-ફોર્મલ-એજ્યુકેશન (અવિધિસરનું શિક્ષણ) તેમને માટે જીવાદોરી છે. (આ નોન-ફોર્મલ-એજ્યુકેશન એટલે વર્તમાન શિક્ષણ નહીં પરંતુ ધાર્મિક ગ્રંથોનું પઠન).

ડોન વધુમાં જણાવે છે કે, અલ્લામા-ઈકબાલ-ઓપન યુનિવર્સિટી



(એઆઈઓયુ)એ પાકિસ્તાન્સ નોન-ફોર્મલ એજ્યુકેશન રીપોર્ટ ૨૦૨૩-૨૪ જણાવે છે કે, 'પાકિસ્તાન ઈન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન (પીઆઈઈ)એ જાપ ાનનાં શિક્ષણ મંત્રાલય અને જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી' (જે.આઈ.સી.એ) દ્વારા આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાનના ફેડરલ એજ્યુકેશન મિનિસ્ટર ખાલીદ મકબુલ સિદ્દીકીએ બચાવ કરતાં કહ્યું હતું કે કોવિદ-૧૯ મહામારી તથા તાજેતરમાં આવેલી નૈસર્ગિક આપત્તિઓ જેવી કે પૂરોને લીધે શિક્ષણ વ્યવસ્થા ઉપર ઘેરી અસર કરી છે.

જોકે, તે પૂર્વે પણ આવી જ ખરાબ પરિસ્થિતિ હતી તે વિષે તેઓ મૌન જ રહ્યા.નક્કર હકીકત તે છે કે, પ ાકિસ્તાનમાં દાયકાઓથી શિક્ષણ પ્રત્યે ધ્યાન જ અપાયું નથીપાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી પ્રવર્તી રહી છે ત્યાં ૫ થી ૧૬ વર્ષની વયના ૨ કરોડ ૫૩ લાખ જેટલા બાળકો શાળાએ જતાં જ નથી, આ માહિતી આપતાં પ ાકિસ્તાનનું અગ્રીમ અંગ્રેજી વર્તમાનપ ત્ર 'ધી-ડોન' જણાવે છે કે દેશમાં ક્વોલિટી એજ્યુકેશન (ગુણવત્તાભર્યુ શિક્ષણ) જેવું કશું રહ્યું જ નથી. માત્ર નોન-ફોર્મલ-એજ્યુકેશન (અવિધિસરનું શિક્ષણ) તેમને માટે જીવાદોરી છે. (આ નોન-ફોર્મલ-એજ્યુકેશન એટલે વર્તમાન શિક્ષણ નહીં પરંતુ ધાર્મિક ગ્રંથોનું પઠન).

ડોન વધુમાં જણાવે છે કે, અલ્લામા-ઈકબાલ-ઓપન યુનિવર્સિટી (એઆઈઓયુ)એ પાકિસ્તાન્સ નોન-ફોર્મલ એજ્યુકેશન રીપોર્ટ ૨૦૨૩-૨૪ જણાવે છે કે, 'પાકિસ્તાન ઈન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન (પીઆઈઈ)એ જાપ ાનનાં શિક્ષણ મંત્રાલય અને જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી' (જે.આઈ.સી.એ) દ્વારા આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી ૨ કરોડ ૫૩ લાખ બાળકો શાળાથી વંચિત છે.

### અમેરિકામાં ૪ વર્ષમાં એઈડ્સના કારણે થશે ૪૦ લાખ મોત!

### અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન એચઆઇવી સંબંધિત વિદેશી સહાય પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણપણે પૂરો થઈ ગયો હતો

## ડોનાલ્ડ ટ્રમ્પના આ એક નિર્ણયના કારણે એઈડ્સનું સંક્રમણ વધવાનો ખતરો : રિપોર્ટ

। વોશિગ્ટન, તા.૧૨ ।

છેલ્લા બે દાયકાથી એચઆઈવી અને એઈડ્સ સામેની લડાઈમાં મોટી સફળતા મળી રહી છે, પરંતુ હવે આ યુદ્ધને મોટો ફટકો પડ્યો છે. અમેરિકન સરકાર દ્વારા અચાનક આંતરરાષ્ટ્રીય એચઆઈવી કાર્યક્રમો માટે ભંડોળ પૂરું પાડવાનું બંધ કરવાથી ડઝનબંધ દેશોમાં આરોગ્ય સેવાઓ પડી ભાંગી છે. સંયુક્ત રાષ્ટ્ર સંગઠન એઈડ્સ એ ચેતવણી આપી છે કે જો અમેરિકા ભંડોળ ફરી શરૂ નહીં કરે, તો ૨૦૨૯ સુધીમાં વિશ્વમાં ૪૦ લાખ મૃત્યુ અને ૬૦ લાખ નવા ચેપ લાગી શકે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન એચઆઈવી સંબંધિત વિદેશી સહાય પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણપણે પૂરો થઈ ગયો હતો. આનાથી માત્ર ગરીબ દેશો જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના એઈડ્સ નિયંત્રણ અભિયાનને અસર થઈ છે. એવામાં જાણીએ કે આ પ્રોગ્રામ શું છે અને એચઆઈવી અને એઈડ્ સ સામેની લડાઈમાં શા માટે મહત્ત્વપૂર્ણ છે.૨૦૦૩માં તત્કાલીન યુએસ રાષ્ટ્રપ તિ જ્યોર્જ બુશે PEPFAR યોજના (President's Emergency Plan for એઈડ્સ Relief) શરૂ કરી હતી. તે એચઆઈવી સામે વિશ્વની સૌથી



મોટી વિદેશી સહાય યોજના હતી. તેણે અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ લોકોનું પરીક્ષણ કર્યું છે અને ૨ કરોડથી વધુ લોકોને મફત સારવાર પૂરી પાડી છે. PEPFAR દ્વારા આફ્રિકા, ભારત, નેપ ાળ, કંબોડિયા અને લેટિન અમેરિકા જેવા ડઝનબંધ દેશોમાં પણ એચઆઈવી નિયંત્રણ શક્ય બન્યું. નાઈજીરીયા જેવા દેશમાં ૯૯.૯% એચઆઈવી દવાઓ આ જ ભંડોળ દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. પરંતુ જાન્યુઆરી ૨૦૨૫માં અમેરિકાએ અચાનક આ સહાય બંધ કરી દીધી, જેના કારણે હજારો ક્લિનિક્સ બંધ થઈ ગયા, દવાઓનો પુરવઠો બંધ થઈ ગયો અને લાખો દર્દીઓના જીવ જોખમમાં મુકાઈ ગયા.એઈડ્સ રિપ ોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણયના કારણે, ઘણા દેશોમાં એચઆઈવી સામે ચાલી રહેલા કાર્યક્રમો બંધ થઈ ગયા છે. તપાસની ગતિ અટકી ગઈ છે. જાગૃતિ અભિયાનો રોકી દેવામાં આવ્યા છે અને ઘણી સમુદાય આધારિત સંસ્થાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આનાથી માત્ર દર્દીઓના જીવન જોખમમાં મુકાયા નથી, પરંતુ WHO અને અન્ય એજન્સીઓએ પણ આખી સિસ્ટમ ફરીથી ગોઠવવી પડશે.અમેરિકાએ માત્ર દવાઓ અને સુવિધાઓ માટે ભંડોળ પૂરું પાડ્યું જ નહીં, પરંતુ તે આફ્રિકન દેશોમાં એચઆઈવી સંબંધિત ડેટા એકત્રિત કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું હતું. હવે જ્યારે આ ભંડોળ બંધ થઈ ગયું છે ત્યારે હોસ્પિટલો અને સરકારી એજન્સીઓ પાસે ન તો દર્દીઓનો ડેટા છે અને ન તો ભવિષ્યની વ્યૂહરચના ઘડવાના સાધનો.

## ચૂંટણીમાં થતી ગેરરીતિ દૂર કરવા પંચ સમક્ષ કોંગ્રેસની રજૂઆત

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૬ ।

કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ ભાજપ દ્વારા કરાયેલી રજૂઆતો બાદ કોંગ્રેસે કરેલી રજૂઆતો સામે આવી છે. જે અનુસાર ડુપ્લિકેટ વોટર્સને રદ કરવામાં આવે, ખોટી રીતે નામો રદ કરવા તે મામલે ચકાસણી કરવી, ચૂંટણીમાં થતી તમામ ગેરરીતિ દૂર કરવામાં આવે, ઈવીએમ મશીનમાં થતી ગેરરીતિ, વીવીપેટમાં મતદાનને સ્લીપમાં બતાવવામાં આવે અને ક્રોસ ચેકિંગ કરવામાં આવે. આ ઉપરાંત કોંગ્રેસે જણાવ્યુ કે કોંગ્રેસ પક્ષ ચૂંટણી માટે તૈયાર છે. અત્યારની કેન્દ્ર સરકારે દેશની બંધારણીય પ્રક્રિયાને નબળી પાડીને હાઈજેક કરી છે. ચૂંટણી પંચમાં તેમના માણસો ગોઠવ્યા છે. બેક સીટ ડ્રાઈવિંગ ભાજપ પક્ષ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

## દ્વારકામાં દંપતીને બ્લેકમેલ કરી મરવા મજબૂર કરનાર પત્નીનો પૂર્વ પ્રેમી ૯ મહિના બાદ ઝડપાયો

। પ્રતિનિધિ, દ્વારકા,૧૨ ।

ગયા વર્ષે મીઠાપુરમાં પતિ-પત્નીની આત્મહત્યાના ચકચારી કેસમાં હાલ નવી માહિતી સામે આવી રહી છે. ઘટના સમયે મળેલી સુસાઈડ નોટને આધારે પતિ-પત્નીને મરવા મજબૂર કરવાના આરોપમાં ઉત્તરપ્રદેશના પત્નીના પૂર્વ પ્રેમીની આજે ૯ મહિના બાદ પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુરમાં રહેતા એક યુવાને મૂળ ઉત્તરપ્રદેશની યુવતી સાથે લગ્ન કર્યા હતા. થોડા દિવસો સુધો તો તેનું દાંપત્ય જીવન સુખી રીતે ચાલ્યું, પણ ગયા વર્ષે ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આ દંપતિએ ઘરમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો સહિત પોલીસ પણ ઘટનાસ્થળે તુરંત દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી.

## ભુજથી મુંબઈ જતી ફ્લાઈટમાં સીટ ઓછી હોવાથી મુસાફરો અટવાયા

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૨ ।

ભુજથી મુંબઈ જઈ રહેલી એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઈટમાં છબરડો સામે આવવા પામ્યો છે. જેમાં ભુજ થી મુંબઈ જતી ફ્લાઈટમાં સીટ ઓછી હોવાથી મુસાફરો અટવાયા હતા. ફ્લાઈટમાં ૧૮૦ ને બદલે ૧૫૫ સીટ જ હતી. સીટ ન હોવાથી ૧૫ થી વધુ મુસાફરો ફ્લાઈટમાં ન જઈ શકતા અટવાયા હતા. મુસાફરો દ્વારા એડવાન્સ બુકિંગ કર્યુ હોવા છતાં ફ્લાઈટમાં સીટ ન મળતા મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. એર ઈન્ડિયા દ્વારા અટવાયેલા મુસાફરોને સેવન સ્કાય હોટલમાં રાખવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. એર ઈન્ડિયાના છબરડાના કારણે ભુજ એરપોર્ટ પર મુસાફરો અટવાતા પરેશાન દેખાયા હતા.આ બાબતે એક મુસાફર દ્વારા જણાવ્યું હતું કે, જ્યારે અમે એરપોર્ટ પર સમયસર પહોંચી ગયા હતા. પરંતુ અમને અંદર બોર્ડિંગ જ આપવામાં આવ્યું ન હતું.

### પાદરા પાસેની ઋષિ એફઆઈબીસી કંપનીના કર્મચારીનો વિરોધ

# ગંભીરા પુલ તૂટી પડતા ફરીને જવું પડતું હોવાથી કંપનીના ૫૦૦ કર્મીની હડતાળ

**૪ કલાકનો વધુ સમય, લક્ઝરી બસ ભાડું વધતા આર્થિક ભારણ : અઠવાડિયામાં નિર્ણય લેવા સંચાલકોની બાહેધરી**

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૩ ।

ગંભીરા પુલ દુર્ઘટના બાદ પાદરા તરફ નોકરીએ જતા આંકલાવ અને બોરસદ તાલુકાના ૫૦૦થી વધુ કર્મચારીઓએ આસોદર ચોકડીએ હડતાળ પર ઉતર્યા હતા. નોકરી જતા વધુ ખર્ચ અને સમય બગડતો હોવાથી કંપની ભાડામાં રાહત આપે અને સમય ઓછો કરે તેવી માંગણી સંદર્ભે ખાનગી કંપનીના સંચાલકોએ અઠવાડિયામાં નિર્ણય લેવાની બાહેધરી આપી હતી. આંકલાવ તાલુકાની આસોદર ચોકડીએ હડતાળમાં કર્મચારીઓએ જણાવ્યું હતું કે, ગંભીરા બ્રિજ તૂટી જતા હવે આ વિસ્તારના યુવકોને નોકરી માટે વાસદ, વડોદરા થઈને ફરીને જવાનું ફરજિયાત થઈ પડયું છે.




જેથી પાદરા પાસે આવેલી ઋષિ એફઆઈબીસી કંપનીમાં બોરસદ, આકલાવ તાલુકામાંથી રોજના ૧૦ લક્ઝરી બસમાં ૫૦૦થી વધુ કર્મચારીઓ નોકરી જતા હતા.

હવે રોજિંદા આવવા જવામાં ચાર કલાક જેટલો સમય વધુ જઈ રહ્યો છે તથા ૯ કલાકની નોકરી સહિત હવે કુલ ૧૪ કલાકનો સમય ફાળવવામાં આવી રહ્યો છે. જેની સામે પગાર માત્ર દૈનિક ૫૦૦થી ૫૫૦ જેટલો મળે છે. બસમાં ગામ પ્રમાણે અંદાજિત માસિક ભાડું ૮૦૦થી ૧૪૦૦ રૂપિયા થાય છે.

જે પગારમાંથી કપાત કરીને ચૂકવી દેવાય છે. હવે રૂટ લાંબો થતા બસવાળા કે કર્મચારીઓને વધુ ભાડું ખર્ચવું પડે તે પોસાય તેમ નથી. ઉપરાંત રોજના ચાર કલાકની નોકરીનો સમય પણ અવર-જવરમાં વધી જતા હવે તમામ કર્મચારીઓએ આસોદર ચોકડીએ આવેલા બ્રિજ પાસે હડતાળ પર બેઠા હતા. કર્મચારીઓની માંગણી છે કે, સમય સવારે ૯થી ૫ વાગ્યાના બદલે ૯થી ૪ કરાય અથવા રોજિંદા એક કલાકનો પગાર વધુ આપવામાં આવે, લક્ઝરી બસના ભાડામાં પણ રાહત અપાય તેવી માંગ કરી હતી. જે સંદર્ભે મોડી સાંજે કંપનીના સંચાલકોએ કર્મચારીઓ સાથે વાટાઘાટો કરી અઠવાડિયા બાદ કર્મચારીઓની માંગણી પ્રત્યે યોગ્ય નિર્ણયની બાહેધરી આપતા કર્મચારીઓ હડતાળ સમેટી લીધી હતી.

### લોકમેળો એ સૌરાષ્ટ્ર અને રાજકોટનું ગૌરવ

### રાજકોટના જન્માષ્ટમી લોકમેળામાં રાઇડ્સને લઈને ભાજપ નેતા વિનુ ઘવાએ નિયમોમાં છૂટછાટની માગ કરી

# રાજકોટ શહેરમાં લોકમેળો થવો જ જોઈએ, ભલે નિયમોમાં થોડી બાંધછોડ કરવી પડે : ભાજપ નેતા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૨ ।

રાજકોટના જન્માષ્ટમી લોકમેળામાં રાઈડ્સને લઈને ભાજપ નેતા વિનુ ધવાએ નિયમોમાં છૂટછાટની માગ કરી છે. તેમનુ કહેવુ છે કે લોકમેળો થવો જોઈએ અને રાઈડ્સ સાથે જ થવો જોઈએ. આ અંગે જરૂર લાગશે તો તેઓ મુખ્યમંત્રીને પણ નિયમોમાં થોડી છૂટછાટ આપવા અંગે રજૂઆત કરશે.તેમણે કહ્યુ કે આ લોકમેળો એ સૌરાષ્ટ્ર અને રાજકોટનું ગૌરવ છે અને જેમને વાંધો હોય તે ઘરે રહે. તેમણે કહ્યુ ચકરડી વાળો, ફઝરવાળો અને રાઈડ્સવાળા માટે સરકાર અને કલેક્ટર કાગળિયામાં થોડી બાંધછોડ કરે અને રાઈડ્સ ધારકોને મંજૂરી આપે. તેમણે કહ્યુ મેળો થવો જ જોઈએ, તેમા ચાલે જ નહીં. આ મેળો એ સૌરાષ્ટ્ર અને રાજકોટનું નાક છે.ઉલ્લેખનીય છે કે ગત વર્ષે રાજકોટમાં પડેલા ભારે



વરસાદને કારણે મેળા સ્થળે મોટી માત્રામાં પાણી ભરાઈ ગયા હતા અને એકપણ દિવસ મેળો ચાલી શક્યો ન હતો. એકપણ રાઈડ્સ ચાલુ થઈ શકી ન હતી. જેના કારણે રાઈડ્સ ધારકોને મોટી નુકસાની સહન કરવી પડી હતી. બીજુ એ કે ગત વર્ષથી રાજકોટ કોર્પોરેશને અગ્નિકાંડની ઘટના બાદ તકેદારીના ભાગરૂપે રાઈડ્સ લગાવવાને લઈને નિયમો થોડા કડક કર્યા છે. જે રાઈડ્સ ધારકોને પોસાતા નથી. આથી છેલ્લા ઘણા સમયથી રાઈડ્સ ધારકો અને અધિકારીઓ વચ્ચે મડાગાંઠ ચાલી રહી છે. જે હજુ પણ ઉકેલાઈ નથી. રાઈડ્સ ધારકો નિયમોમાં કેટલીક છૂટછાટ આપવાની માગ કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ અગ્નિકાંડના કારણે દાઝેલા અધિકારીઓ કોઈપણ બાંધછોડ કરવાના મૂડમાં જણાઈ રહ્યા નથી. જેને લઈને જન્માષ્ટમીના મેળાના આયોજનનું કોકડુ હજુ ગૂંચવાયેલુ છે. રાજકોટના જન્માષ્ટમી લોકમેળામાં રાઈડ્સને લઈને ભાજપ નેતા વિનુ ધવાએ નિયમોમાં છૂટછાટની માગ કરી છે.

### અમદાવાદથી ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયેલી એર ઈન્ડિયા ફ્લાઇટ એઆઇ-૧૭૧ અકસ્માત અંગે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઇબી) નો પહેલો અહેવાલ બહાર આવ્યો

# અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાનને પક્ષી અથડાયું નથી, કે કાવતરાના કોઈ સંકેતો નથી

**અકસ્માત પહેલા વિમાનમાં મૂકવામાં આવેલું ઇંધણ પણ ધોરણોનું સંપૂર્ણ પાલન કરતું હોવાનું જાણવા મળ્યું , ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૭૪ લોકો માર્યા ગયા હતા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદથી ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયેલી એર ઈન્ડિયા ફ્લાઈટ એઆઈ-૧૭૧ અકસ્માત અંગે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) નો પહેલો અહેવાલ બહાર આવ્યો છે. આ ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૭૪ લોકો માર્યા ગયા હતા. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વિમાનના બંને એન્જિનને બળતણ પૂરું પાડતા સ્વીચો અચાનક બંધ થઈ ગયા હતા અને આ પછી પાઈલટ્સમાં મૂંઝવણ ઊભી થઈ હતી. જોકે, તપાસ એજન્સીએ આ અકસ્માતમાં તોડફોડ અથવા પક્ષી સાથે અથડાવાની શક્યતાને નકારી કાઢી છે.એએઆઈબીએ તેના પ્રારંભિક અહેવાલમાં જણાવ્યું હતું કે લંડન જતી ફ્લાઈટે ૧૮૦ નોટની મહત્તમ ગતિ હાંસલ કરી હતી અને પછી બંને એન્જિનના બળતણ કાપવાના સ્વીચો એક-એક સેકન્ડના અંતરાલ પર બંધ થઈ ગયા હતા. આ પછી, વિમાન ઝડપથી ઊંચાઈ ગુમાવી બેઠું અને અમદાવાદના મેઘનાનગર વિસ્તારમાં સ્થિત બીજે મેડિકલ કોલેજ પર પડ્યું. અકસ્માત પછી, વિમાનમાં સવાર ૨૪૨ મુસાફરો અને ક્રૂમાંથી ફક્ત એક



જ વ્યક્તિ બચી ગયો.રિપોર્ટમાં કોકપીટ વોઈસ રેકોર્ડરનો પણ ઉલ્લેખ છે. આમાં, એક પાઈલટ બીજા પાઈલટને પૂછે છે કે તેણે ઈંધણ કેમ બંધ કર્યું, જેના પર બીજો જવાબ આપે છે કે તેણે આવું ન કર્યું. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઈંધણ પુરવઠો બંધ થયા પછી તરત જ એન્જિનની ગતિમાં ઘટાડો શરૂ થયો. આ ટેકનિકલ ખામીને હવે મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.રિપોર્ટ અનુસાર, અકસ્માત પહેલા વિમાનમાં મૂકવામાં આવેલું ઈંધણ પણ ધોરણોનું સંપૂર્ણ પાલન કરતું હોવાનું જાણવા મળ્યું. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન લેબમાં ફ્યુઅલ બાઉઝર અને ટાંકીમાંથી લેવામાં આવેલા નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને બધા નમૂના સંતોષકારક મળ્યા હતા. આનો અર્થ એ છે કે ઈંધણની ગુણવત્તામાં કોઈ ખામી નહોતી.જો એર ઈન્ડિયાએ ૨૦૧૮ માં યુએસ એજન્સીની સલાહ સ્વીકારી હોત, તો કદાચ અમદાવાદ પ્લેન ક્રેશ ટાળી શકાયો હોત. આ ભયાનક અકસ્માતની તપાસ કરી રહેલા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના રિપોર્ટમાં એક મોટું સત્ય બહાર આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકન એજન્સી ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને સાત વર્ષ પહેલાં એર ઈન્ડિયાને એન્જિન ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ અંગે મહત્વપૂર્ણ સલાહ આપી હતી. પરંતુ એર ઈન્ડિયાએ તેની અવગણના કરી હતી. એર ઈન્ડિયાએ કહ્યું હતું કે એફએએએ ફક્ત સલાહ જારી કરી હતી, તે ફરજિયાત સૂચના નહોતી. તેથી, એન્જિન ફ્યુઅલ કંટ્રોલ સ્વીચનું નિરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. ટ્રેન્ડિંગ વીડિયો એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ તપાસ રિપોર્ટમાં કહ્યું છે કે યુએસ એજન્સી ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ સ્પેશિયલ એરવર્થિનેસ ઈન્ફર્મેશન બુલેટિન નંબર એનએમ-૧૮-૩૩ જારી કર્યો હતો.

## ભરૂચનો હચમચાવતો કિસ્સોઃ ઘરમાં જ પત્નીની હત્યા કરી લાશને ૮ કિમી દૂર નાળામાં ફેંકી




। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૨ ।

વાલિયા તાલુકામાંથી ઘર કંકાસને કારણે એક પતિએ મેટ્રિમોનિયલ સાઈટ પરથી મળેલી પત્નીની હત્યા કર્યાનો હચમચાવતો કિસ્સો સામે આવ્યો છે. આટલું જ નહીં આ પતિએ હત્યા બાદ અંતરિયાળ વિસ્તારમાં જઈ એક નાળામાં તેના મૃતદેહને ફેંકી દીધો હતો. જે મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરાઈ હતી અને સમગ્ર ઘટનાનો ઘટસ્ફોટ થયો છે.ઘટનાની વિગતો અનુસાર, ગુરુવારે સાંજના સમયે વાલિયા તાલુકાના કોંઢ ગામ નજીક દોડવાડા-કોંઢ રોડ પર એક નાળામાં એક અજાણી મહિલાનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ પર ધારદાર હથિયારથી ગળા પર હુમલો કરાયો હોવાના નિશાન જોવા મળ્યા હતા. જે ઘટનાની જાણ થતાં વાલિયા પોલીસ અને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી.પોલીસ સમક્ષ સૌથી મોટો પડકાર હતો મૃતક મહિલાની ઓળખ સ્થાપિત કરવાનો. આ માટે પોલીસે સોશિયલ મીડિયાનો સહારો લઈ મહિલાનો ફોટો શેર કર્યો હતો.

### ગંભીરા પુલ દુર્ઘટના બાદ તંત્ર જાગ્યું

# ગુજરાત રાજ્યના આણંદ જિલ્લાના ૧૨ જેટલા બ્રિજની ચકાસણી હાથ ધરાઈ

**જે બ્રિજ નબળા હોય ત્યાં બ્રિજ પાસે ભારે વાહન પ્રતિબંધના બોર્ડ મારવાની સૂચના આપી હતી । બ્રિજ પાસે ભારે વાહન પ્રતિબંધના બોર્ડ મારવાની સૂચના આપી હતી**

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૨ ।

ગંભીરા પુલ દુર્ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું છે. ત્યારે આજે આણંદ જિલ્લાના ૧૨ જેટલા નાના- મોટા બ્રિજની ચકાસણીની કામગીરી હાથ ધરાઈ હતી. તાજેતરમાં ગંભીરા પુલ દુર્ઘટનાને ધ્યાને લઈને સરકારના દિશા નિર્દેશો હેઠળ તકેદારીના ભાગરૂપે આણંદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ આલેખન વર્તુળ ગાંધીનગરના સ્ટ્રક્ચર એન્જિનિયરે આજે આણંદ જિલ્લાની મુલાકાત દરમિયાન વિવિધ નાના-મોટા ૧૨ જેટલા બ્રિજની ચકાસણી કરી હતી. આણંદ જિલ્લાના આજે કિંખલોડથી ગંભીરા, ફતેપુરાથી ગોરવા, ખંભાત ડાલી ધુવારણ રોડ, નગરા કોડવા રોડ, ટીંબા



સાઈમા કાણીસા રોડ, વટાદરા વત્રા વાડીનાથપુરા રોડ, કાણીસા સાઠ રોડ, ખંભાત ગોલાણા રોડ, નેજા કચ્છી વાસ રોડ, ગુડેલ ખાખસર રોડની ચકાસણી કરી બ્રિજનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. બાદમાં જે બ્રિજ નબળા હોય ત્યાં બ્રિજ પાસે ભારે વાહન પ્રતિબંધના બોર્ડ મારવાની સૂચના આપી હતી. ગંભીરા પુલ દુર્ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું છે. આણંદ જિલ્લાના ૧૨ જેટલા નાના- મોટા બ્રિજની ચકાસણીની કામગીરી હાથ ધરાઈ હતી.બાદમાં જે બ્રિજ નબળા હોય ત્યાં બ્રિજ પાસે ભારે વાહન પ્રતિબંધના બોર્ડ મારવાની સૂચના આપી હતી. ગંભીરા પુલ દુર્ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું છે.

## ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર, ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨ના પરિણામ જાહેર થયા બાદ પરીક્ષામાં નિષ્ફળ રહેલા પરીક્ષાર્થીઓને લઈને જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન પૂરક પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૨૩ જૂન, ૨૦૨૫થી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા શરૂ થઈ હતી. ત્યારે શનિવારે (૧૨મી જુલાઈ) ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.મળતી માહિતિ અનુસાર, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓ હતા, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં હાજર રહ્યા હતા.




### વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં સ્થાયી સમિતિએ રૂ.૨ કરોડ મંજૂર કર્યા

# વડોદરામાં નવી ડ્રેનેજ લાઈન અને રીપેરીંગ સહિતના કામે વહીવટી તંત્રએ રૂ.૪ કરોડ વધુ માંગ્યા

**રૂ.૮ કરોડની નાણાકીય મર્યાદાના મંજૂર થયેલા વાર્ષિક કોન્ટ્રાક્ટ પેટે રૂ.૪ કરોડ વધારે આપવાની દરખાસ્ત સામે પાલિકા સ્થાયી સમિતિએ નાણાકીય મર્યાદા ઘટાડીને રૂ.૨ કરોડ કરી**

। પ્રતિનિધિ, નર્મદા,તા.૨૬ ।

વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા આગામી એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતના કામે કોન્ટ્રાક્ટરે નેટ અંદાજથી ૧૮ ટકા ઓછા મુજબ રૂ.૮ કરોડની નાણાકીય મર્યાદાના મંજૂર થયેલા વાર્ષિક કોન્ટ્રાક્ટ પેટે રૂ.૪ કરોડ વધારે આપવાની દરખાસ્ત સામે પાલિકા સ્થાયી સમિતિએ નાણાકીય મર્યાદા ઘટાડીને રૂ.૨ કરોડ કરી છે.આ અંગેની વિગત એવી છે કે શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિત નાખવાની



કામગીરી હેઠળ ૨૦૨૪-૨૫માં રૂપિયા પાંચ કરોડની નાણાકીય મર્યાદામાં કામગીરી કરવા માટેના યુનિટ રેટ મુજબ અંદાજથી ૧૮ ટકા ઓછા ભાવ પત્રને સ્થાયી સમિતિની મંજૂરી મળી હતી. જેથી કોન્ટ્રાક્ટર મે. રીધમ કન્સ્ટ્રક્શન અને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેની મર્યાદા ૮-૮-૨૮ ના પૂરી થવાની છે ત્યારબાદ વાર્ષિક ઈજારા પેટે નાણાકીય મર્યાદા રૂપિયા ૩ કરોડનો સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ થયો હતો. ત્યારબાદ કોન્ટ્રાક્ટરને પુરવણી ઓર્ડર આપવામાં આવ્યો હતો હાલ પશ્ચિમ ઝોનમાં કુલ રૂપિયા ૮ કરોડના વાર્ષિક કોન્ટ્રાક્ટર પેટે ૭,૯૯,૬૧,૫૨૪નો અંદાજિત ખર્ચ નોંધાયો હતો. આગામી ચોમાસા દરમિયાન ઝોનની જરૂરિયાતને ધ્યાને લેવાનું અને હાલની વાર્ષિક કોન્ટ્રાક્ટની નાણાકીય મર્યાદામાં રૂપિયા ૪ કરોડની નાણાકીય મર્યાદા વધારવાની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. મૂળ ટેન્ડર મંજૂર અને ભાવો પ્રમાણે આ વાર્ષિક કોન્ટ્રાક્ટમાં વધારાના રકમના કામો કરવા માટે કોન્ટ્રાક્ટરની સંમતિ માગવામાં આવી હતી. જેથી કોન્ટ્રાક્ટરે રૂપિયા ચાર કરોડ વધારાના કામો માટે ડ્રેનેજ-ગટર પ્રોજેક્ટ અંગે મંજૂરી આપી હતી પરંતુ આ ઝોન માટે નવી ડ્રેનેજના લાઈન નાખવાના કામનો નવો કોન્ટ્રાક્ટ નક્કી કરવા માટે ભાવપત્રો મંગાવવામાં આવ્યા હતા. જેથી પશ્ચિમ ઝોન વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતની નાખવા નહીં કામગીરીઓ હાથ ધરી શકાય એવા હેતુથી નવો વાર્ષિક કોન્ટ્રાક્ટ મંજૂર થાય ત્યાં સુધી હાલની વાર્ષિક કોન્ટ્રાક્ટની નાણાકીય મર્યાદામાં રૂપિયા ૪ કરોડનો વધારો કરવો જરૂરી હોવાનું જણાવ્યું હતું.




**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya